અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ માર્ચ ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ ચૌદસ

વર્ષ : ૧૫
અંક : ૨૩૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ECI દ્વારા ચા-સમોસાથી લઈને દરેક વસ્તુના ભાવ નક્કી કરવામાં આવ્યા

### યુપીમાં આ વખતે ચા અને સમોસાની કિંમત ૧૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે જ્યારે જલેબીનો દર ૧૫૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ રાખવામાં આવ્યો છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, પ્રથમ મતદાન ૧૯મી એપ્રિલે થશે અને ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે. દરમિયાન, ભારતીય ચૂંટણી પંચ (ECI) એ ચૂંટણી ખર્ચને નિયંત્રિત કરવા માટે સૂચનાઓ જારી કરી છે. તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ (CEO) એ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે મળીને ઉમેદવારોના ખર્ચ વિસ્તાર પ્રમાણે નક્કી કર્યા છે.

તમામ સીઈઓએ આ અંગેનો રિપોર્ટ ચૂંટણી પંચને મોકલી દીધો છે. હવે જોવાનું એ રહે છે કે ઉમેદવારો પાણીથી માંડીને ફટાકડા અને ચાથી લઈને પ્રચાર સુધીની દરેક બાબતો પર ખર્ચની મર્યાદા અંગેના નિયમોનું પાલન કરી શકશે કે નહીં. તેમજ આયોગ સમક્ષ કેટલા ઉલ્લંઘનના કેસ આવે છે.

આ કારણે ઉમેદવારોએ દરેક પૈસાનું બિલ અને હિસાબ ચૂંટણી પંચને આપવાનો રહેશે. આયોગની સૂચનાથી જિલ્લા કક્ષાએ ઉમેદવારો માટે વસ્તુઓની કિંમત યાદી બહાર પાડવામાં





આવી છે. જેમાં ઉમેદવારોના ખર્ચના દર પણ નક્કી કરવામાં આવ્યા છે. યુપીમાં આ વખતે ચા અને સમોસાની કિંમત ૧૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે જ્યારે જલેબીનો દર ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવ્યો છે.

સિંગલ નોન-એસી રૂમનો દર ૧૧૫૦ રૂપિયા અને ડબલ બેડનો દર ૧૫૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બે લીટર ઠંડા પીણાની બોટલની કિંમત ૯૦ રૂપિયા, શાકાહારી ભોજનની પ્લેટની કિંમત ૮૦ રૂપિયા અને માંસાહારી પ્લેટની કિંમત ૨૦૦ રૂપિયા રાખવામાં આવી છે. અડધા લિટર પાણીની બોટલની કિંમત ૧૦ રૂપિયા, એક લિટરની ૨૦ રૂપિયા અને બે લિટરની ૩૦ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે.

ઈન્ડિકા, વેગન આર, ટાટા સુમો, મારુતિ જીપ્સી નોન-એસીનો દર ૧૧૦૦ રૂપિયા પ્રતિ દિવસ રાખવામાં આવ્યો છે અને આ એસી વાહનોનો દર ૧૨૧૦ રૂપિયા પ્રતિ દિવસ રાખવામાં આવ્યો છે.

સ્કોર્પિયો, ટવેરા, ઈનોવા, બોલેરો નોન-એસીનો રેટ ૧૨૯૪ રૂપિયા અને એસી વાહનો માટે ૧૮૧૫ રૂપિયા પ્રતિ દિવસનો દર નક્કી કરવામાં આવ્યો છે. તેલ વગરની ટ્રેક્ટર ટ્રોલી માટે પ્રતિ દિવસ રૂ. ૪૮૪, તેલ વગરની મોટર સાયકલ દ્વારા પ્રચાર માટે રૂ. ૪૦૦ પ્રતિ દિવસ અને સાયકલ પર પ્રચાર કરવા માટે રૂ. ૧૦૦ પ્રતિ દિવસનો દર નક્કી કરવામાં આવ્યો છે.

એર કંડિશનરવાળા સિંગલ બેડ રૂમનો દર ૧૬૫૦ રૂપિયા અને ડબલ બેડ રૂમનો દર ૧૮૧૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. આ દરો ત્યારે નક્કી કરવામાં આવ્યા હતા જ્યારે કમિશન લોકસભાની ચૂંટણીની તૈયારીઓને લઈને રાજ્યવાર પ્રવાસ કરી રહ્યું હતું.

ત્યારબાદ તમામ સીઈઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે દરેક જિલ્લામાં ઉમેદવારોના ખર્ચ અંગે જે યાદી નક્કી કરવામાં આવી છે તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

## ન્યૂઝ બ્રિફ

### આખે આખી ટ્રેનને લોકોએ ધક્કો મારીને પહોંચાડી સ્ટેશન

। અમેઠી, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના અમેઠીમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યા છે. અહીં થોડા લોકો એક રેલવે એન્જીનને ધક્કો મારતા નજર આવ્યા હતા અને જોઈ વ્યક્તિએ તેનો વિડીયો ઉતાર્યો હતો જે હાલ સોશિયલ મીડીયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. સાથે જ કોંગ્રેસે પણ આ વિડીયોને શેર કરીને અમેઠીના સાંસદ સ્મૃતિ ઈરાની પર નિશાન સાધ્યું હતું. યુપીના અમેઠી જિલ્લામાં રેલવે વિભાગની બેદરકારીનો મામલો સામે આવ્યો છે. થયું એવું કે હ્રકેં ટ્રેન પાટા પર વચ્ચેથી તૂટી ગઈ હતી, ત્યારબાદ રેલવે કર્મચારીઓએ ટ્રેનને મુખ્ય લાઈન પરથી હટાવી લૂપ લાઈન પર લઈ ગઈ હતી. ટ્રેનને ધક્કો મારતા કર્મચારીઓનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ડીપીસી ટ્રેન પાટા વચ્ચે ઉભી છે, જેને રેલવે કર્મચારીઓ આગળ ધકેલી રહ્યા છે. તમે કાર અને બસ જેવા વાહનોમાં લોકોને ધક્કો મારતા જોયા જ હશે, પરંતુ લોકોને ટ્રેનમાં ધક્કો મારતા જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. વીડિયોમાં એવું પણ જોવા મળ્યું હતું કે રેલ્વે ફાટક પાસે ખરાબ થયેલ એન્જીનને કારણે નજીકમાં ઘણા લોકો હાજર હતા.

### આ ધરપકડથી આશ્ચર્ય નથી થતું : કેજરીવાલ

## જેલમાંથી આવ્યો કેજરીવાલનો મેસેજ, પત્નીએ બધાને સંભળાવ્યો

### જેલની અંદર હોઉ કે બહાર, દેશની સેવા કરવાની છે અને ભારતને આગળ લઈ જવા માંગુ છું : કેજરીવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ધરપકડ બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જેલમાંથી દેશવાસીઓને સંદેશ આપ્યો છે. શનિવારે (૨૩ માર્ચ, ૨૦૨૪) તેમના પત્ની સુનીતા કેજરીવાલે આ મેસેજ વિશે બધાને જણાવ્યું. દિલ્હીના સીએમની પત્નીએ ત્રણ મિનિટ ૧૬ સેકન્ડનો વીડિયો મેસેજ જાહેર કરીને કહ્યું કે દિલ્હીવાસીઓના પુત્ર અને ભાઈ અરવિંદ કેજરીવાલે તમારા માટે જેલમાંથી સંદેશ મોકલ્યો છે. તેણે કહ્યું કે તે જેલની અંદર હોય કે બહાર, તેણે દેશની સેવા કરવાની છે અને તે ભારતને આગળ લઈ જવા માંગે છે. આમ આદમી પાર્ટી (AAP) ના કન્વીનરના સંદેશ અનુસાર, તેમણે આજ સુધી ઘણો સંઘર્ષ કર્યો છે. તેમના જીવનમાં મોટા સંઘર્ષો પણ લખાયેલા છે. આવી સ્થિતિમાં આ ધરપકડથી તેમને આશ્ચર્ય નથી થતું. તેને લોકો તરફથી ઘણો પ્રેમ મળ્યો છે. ભારતને ફરીથી મહાન અને વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ બનાવવા માટે બધાએ સાથે આવવું



પડશે. ભારતની અંદર અને બહાર એવી ઘણી શક્તિઓ છે જે દેશને કમજોર કરી રહી છે. આવી સ્થિતિમાં લોકોએ સતર્ક રહેવું પડશે, તેમને ઓળખીને હરાવવા પડશે, જ્યારે ભારતની અનેક દેશભક્તિ શક્તિઓ સાથે જોડાઈને તેમને મજબૂત કરવા પડશે. અરવિંદ કેજરીવાલે એમ પણ કહ્યું કે દિલ્હીની મહિલાઓ વિચારતી હશે કે સીએમ અંદર (જેલ) ગયા છે. હવે મને ખબર નથી કે મને રૂ. ૧૦૦૦ (સ્કીમમાંથી) મળશે કે નહીં. આવી સ્થિતિમાં તમામ માતાઓ અને બહેનોને અપીલ છે કે તેઓ પોતાના ભાઈ અને પુત્રોમાં વિશ્વાસ રાખે. તેના ભાઈ અને પુત્રને લાંબા સમય સુધી અંદર રાખી શકે તેવી કોઈ જેલ નથી. તે જલ્દી બહાર આવશે અને પોતાનું વચન પૂરું કરશે. શું આજ સુધી એવું બન્યું છે કે અરવિંદ કેજરીવાલે વચન આપ્યું હોય અને પૂરું ન કર્યું હોય? દિલ્હીના સીએમના કહેવા પ્રમાણે, તેમના ભાઈ અને પુત્ર લોખંડના બનેલા છે. તે ખૂબ જ મજબૂત છે. તેમની લોકોને માત્ર એક જ વિનંતી છે કે તેઓ મંદિરમાં જઈને તેમના માટે ભગવાનના આશીર્વાદ લે. કરોડો લોકોની પ્રાર્થના તેમની સાથે છે, આ તેમની તાકાત છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને તેમની અપીલ છે કે તેમના જેલમાં જવાથી તેમનું સમાજસેવા અને જનસેવાનું કાર્ય બંધ ન થવું જોઈએ અને આ કારણે તેઓએ ભાજપના લોકોને નફરત ન કરવી જોઈએ. ભાજપના લોકો પણ તેમના ભાઈ-બહેન છે.

### રશિયાએ કહ્યું ખૂન કા બદલા ખૂન સે લેંગે

## મોસ્કોમાં આતંકવાદી હુમલામાં ૧૧ શકમંદોની અટકાયત થઈ

। (એજન્સી) મોસ્કો, તા.૨૩ ।

રશિયાની રાજધાની મોસ્કોમાં ક્રોકસ સિટી હોલ પર થયેલા આતંકવાદી હુમલામાં ૧૧ લોકોની અટકાયત કરવામાં આવી છે, જેમાંથી ૪ હુમલાખોર છે અને ૭ લોકો તેમની મદદ કરતા હોવાનું કહેવાય છે. આરટી ઈન્ડિયાના અહેવાલ મુજબ, રશિયાની સુરક્ષા સેવાના ચીફે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને જણાવ્યું છે કે ચાર શંકાસ્પદ એક સફેદ કારમાં ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ હુમલો શુક્રવારે રાત્રે (૨૨ માર્ચ) થયો હતો. આની જવાબદારી ૈજીંજીએ લીધી છે. મિલિટરી ડ્રેસથી સજ્જ ચાર આતંકવાદીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો, બોમ્બ ફેંક્યા અને ભાગી ગયા. અગાઉ આતંકવાદીઓની સંખ્યા ૫ જણાવવામાં આવી હતી. આ હુમલામાં અત્યારસુધીમાં ૧૧૫ લોકોનાં મોત થયાં છે.

### ૯ રાજ્યના ૧૪ શહેરમાં પડી શકે છે અંગદઝાડતી ગરમી

## હોળીના દિવસે તાપમાન ૪૦ ડિગ્રી પહોંચે તેવી શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશના ઘણા ભાગોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર તાપમાન રહે તેવી સંભાવના છે. તેમજ ક્લાઈમેટ ચેન્જને કારણે ગરમીમાં વધારો થઈ શકે છે. કેન્દ્રીય હવામાન શાસ્ત્રી ડૉ. એન્ડ્ર્યુ પરશિંગે જણાવ્યું હતું કે માર્ચ મહિનામાં ગરમીમાં વધારો થવાની શક્યતા છે. હોળી દરમિયાન ભારતમાં ગરમીનું જોખમ પણ વધી શકે છે.તેમના જણાવ્યા અનુસાર ૧૯૭૦ના દાયકામાં ૩ રાજ્યોમાં મહારાષ્ટ્ર, બિહાર અને છત્તીસગઢમાં હોળીના દિવસે ૪૦ ડિગ્રી સુધી પહોચ્યું છે. પરંતુ આ વખતે રાજસ્થાન, ગુજરાત, તેલંગાણા, મધ્યપ્રદેશ, ઓડિશા અને આંધ્રપ્રદેશ સહિતના રાજ્યોમાં અંગદઝાડતી ગરમી પડે તેવી સંભાવના છે. હોળી પર જોખમ ધરાવતા શહેરોનું પણ અલગથી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાં માર્ચના અંત સુધી ૫૧ શહેરો ૪૦ ડિગ્રી તાપમાન માટે સંવેદનશીલ જણાયા હતા. તેમાંથી ૧૦ શહેરો એવા હતા જ્યાં આ શક્યતા સૌથી વધુ જોવા મળી હતી.

### ૪૦ કલાક સુધી ચાલેલા ઓપરેશન બાદ સફળતા

## દરિયાઈ લુંટારૂઓને લઈને મુંબઈ પહોંચ્યું ભારતીય નેવી

### એમવી રુએન કાર્ગો જહાજને ૧૪ ડિસેમ્બર ૨૦૨૩એ સોમાલિયાઈ દરિયાઈ લુંટારાઓ દ્વારા હાઈજેક કરાયું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

એમવી રુએન કાર્ગો જહાજને ૧૪ ડિસેમ્બર ૨૦૨૩એ સોમાલિયાઈ દરિયાઈ લુંટારાઓ દ્વારા હાઈજેક કરી લેવામાં આવ્યું હતું. જહાજને જ્યારે હાઈજેક કરી લેવામાં આવ્યો તો તે ભારતીય કિનારાથી લગભગ ૨૬૦૦ કિલોમીટર દુર હતું, જહાજ બુલ્ગારિયા, મંગોલિયા અને મ્યાનમારના ૧૭ વ્યક્તિઓનું ક્રૂની સાથે ૩૭,૮૦૦ ટન કાર્ગોની સાથે મુસાફરી પર હતું. જણાવવામાં આવી રહ્યું છે કે આ કાર્ગોની કિંમત લગભગ ૧ મિલિયન ડોલર છે ત્યારે કાર્ગો હાઈજેક થવાની જાણકારી જેવી જ ભારતીય નૌકાદળને મળી તો તે એક્ટિવ થઈ ગઈ. નૌકાદળે ઝડપથી બચાવ અભિયાન શરૂ કરી દીધુ, જેમાં કોલકત્તા શ્રેણીના સ્ટીલ્થ ગાઈડેડ- મિસાઈલ ડિસ્ટ્રોયરના લીડ જહાજ આઈએનએસ કોલકાતાને સામેલ કરવામાં આવ્યું. લગભગ ૪૦ કલાક સુધી ચાલેલા ઓપરેશન બાદ દરિયાઈ લુંટેરાઓને પકડવામાં આવ્યા અને તેમને મુંબઈ લઈ આવવામાં આવ્યા. નૌકાદળે બચાવ અભિયાન માટે INS સુભદ્રા, હાઈ અલ્ટીટ્યૂડ લોન્ગ એન્ડ્યોરેન્સ આરપીએ, P8I મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ અને MARCOS-સ્ટ્રાઈક કમાન્ડો સહિતની વિવિધ સંપત્તિઓ તૈનાત કરવામાં આવી હતી. ઓપરેશન ૧૫ માર્ચે શરૂ થયુ હતું. નૌકાદળે પહેલા હાઈજેક થયેલા જહાજને શોધ્યુ અને ડ્રોનની મદદથી સતત તેની પર નજર રાખી. જ્યારે દરિયાઈ લુંટારૂઓએ ડ્રોન પર ગોળીઓ ચલાવી તો નૌકાદળે સી-૧૭ વિમાનથી જહાજ પર માર્કોસ કમાન્ડોને પેરાડ્રોપ કરીને જવાબ આપ્યો. ત્યારબાદ તમામ ૩૫ દરિયાઈ લુંટારૂઓએ આત્મસમર્પણ કરી દીધુ, જેનાથી નૌકાદળને એમવી રુએનના ૧૭ ક્રૂને સફળતાપૂર્વક બચાવવામાં મદદ મળી. તમામ ૩૫ લુંટારૂઓની ધરપકડ કર્યા બાદ નૌકાદળે શિપ પર સર્ચ ઓપરેશન ચલાવ્યું, તપાસમાં જહાજ પર હથિયારો, નશીલી દવાઓ અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓનો ભંડાર મળ્યો. એન્ટી-પાઈરેસી એક્ટ ૨૦૨૨ હેઠળ પકડાયેલા દરિયાઈ લુંટારૂઓ સામે આગળની કાયદાકીય કાર્યવાહી માટે મુંબઈ પોલીસને સોંપી દેવામાં આવ્યા છે. ભારતીય નૌકાદળે વર્ષ ૨૦૦૮માં શરૂ થયેલા 'ઓપરેશન સંકલ્પ' હેઠળ પોતાના જહાજોને અરબ સાગર અને એડનના અખાતમાં તૈનાત કર્યા છે.



# ગુજરાત કોંગ્રેસને વધુ એક ઝટકો, રોહન ગુપ્તાએ આપ્યું રાજીનામું

## મારા અને મારા પરિવાર માટે કપરો કાળ : વ્યક્તિગત જીવનમાં સિનિયર નેતાઓએ આરોપ કર્યા : રોહન ગુપ્તા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. રોહન ગુપ્તાએ અંગત પારિવારીક કારણોને લઈને રાજીનામું આપ્યું છે. નેશનલ સોશલ મીડિયા કો-ઓર્ડિનેટર છે રોહન ગુપ્તા. પિતાની નાદુરસ્ત તબિયત બાદ કેટલાક નેતાઓએ કર્યા હતા રોહન ગુપ્તા પર આરોપ. પક્ષના જ પક્ષના નેતાઓના આરોપોથી વ્યથિત હતા રોહન ગુપ્તા. રોહન ગુપ્તાએ કહ્યું કે, મારા અને મારા પરિવાર માટે કપરો કાળ. વ્યક્તિગત



જીવનમાં સિનિયર નેતાઓએ આરોપ કર્યા. છેલ્લા ત્રણ દિવસથી છબી ખરડવાનો પ્રયાસ થતો હોવાનો આરોપ લગાવ્યો છે. એક નેતાના અહંકારી, અસંસ્કારી વર્તનથી પાર્ટીને નુકસાન થઈ રહ્યું છે. મારી સાથે દગો કરવાનું વ્યવસ્થિત ષડયંત્ર રચાયું છે. મારે મારો અવાજ ઉઠાવવો જરૂરી છે. મારી નમ્રતાને મારી નબળાઈ ન ગણવી જોઈએ. મે મારી ઉમેદવારી પાછી ખેંચીને જીનનો મુશ્કેલ નિર્ણય લીધો હતો. કોંગ્રેસે રોહન ગુપ્તાને અમદાવાદ (પૂર્વ) લોકસભા બેઠક પરથી તેના ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા. જોકે તેમણે ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. રોહનના પિતા રાજકુમાર ગુપ્તાએ ૨૦૦૪ની લોકસભાની ચૂંટણી તત્કાલીન અમદાવાદ બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર લડી હતી, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા. રોહને મંગળવારે (૧૯ માર્ચ) કહ્યું હતું કે તેમના પિતા ચૂંટણી લડવાના તેમના નિર્ણયથી ખુશ ન હતા અને તેમના પર દબાણ લાવવા માટે તેમણે થોડા દિવસો પહેલા કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને પાર્ટી સાથેના દાયકાઓ જૂના સંબંધો પણ તોડી નાખ્યા હતા. કોંગ્રેસના નેતા રોહન ગુપ્તા દ્વારા એક્સ પર પોસ્ટ કરી આ અંગે જાણકારી આપવામાં આવી છે. તેમણે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે, ગંભીર તબીબી સ્થિતિને લીધે, મારા પિતા હોસ્પિટલમાં દાખલ છે અને હું કોંગ્રેસના ઉમેદવાર તરીકે અમદાવાદ પૂર્વ સંસદ બેઠક માટે મારી ઉમેદવારી પરત ખેંચી રહ્યો છું.

# મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે

### મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. EPIC ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે. રાજ્યની ૨૬ લોકસભા બેઠકોની સામાન્ય ચૂંટણી તથા ૦૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજવામાં આવશે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC ની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઈ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ **Unique Disability ID(UDID)** કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે. વધુમાં બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત "અસલ પાસપોર્ટ" રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

### પ્રણય ચૌહાણ નામનો આ વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો હતો

# સાબરકાંઠામાં બોર્ડની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીનું મોત

। (માહિતી) ઇડર, તા.૨૩ ।

ધોરણ ૧૨માં અભ્યાસ કરતો પ્રણય ચૌહાણ નામનો આ વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો હતો.. સંસ્કૃતનું પેપર હોવાથી તે પરીક્ષા આપવા હોસ્ટેલથી પરીક્ષા કેન્દ્ર જવા રવાના થયો હતો. ઈડરના એક વિદ્યાર્થીની બોર્ડની પરીક્ષા આપવા જતા માર્ગમાં જ તબિયત લથડતા તેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમ્યાન વિદ્યાર્થીનું મોત થયું હતું.

ધોરણ ૧૨માં અભ્યાસ કરતો પ્રણય ચૌહાણ નામનો આ વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતો હતો. સંસ્કૃતનું પેપર હોવાથી તે પરીક્ષા આપવા હોસ્ટેલથી પરીક્ષા કેન્દ્ર જવા રવાના થયો હતો. આ દરમ્યાન માર્ગમાં જ તેની તબિયત લથડી હતી. જેને પગલે તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ જવાયો હતો.. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. આ ઘટના બાદ વિદ્યાર્થીના મૃતદેહને ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં શિક્ષકોના ટોળેટોળા સ્થળ પર ઉમટ્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે આ ઘટના બાદ વિદ્યાર્થીના મૃતદેહને ઈડર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં શિક્ષકોના ટોળેટોળા સ્થળ પર ઉમટ્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે.

### અજાણી વ્યક્તિ ચોરી કરી ફરાર

# જીએસટી વિભાગે જપ્ત કરેલી પાન મસાલાના ટ્રકમાંથી ચોરી

### કુલ રૂપિયા ૬.૪૭ લાખનો પાન મસાલા ચોરી ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

શહેરના આંબાવાડી વિસ્તારમાં જીએસટી વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલી પાન મસાલાની ટ્રકમાં રહેલો માલસામાન કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી ગઈ હોવા અંગેની ફિયાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જીએસટી વિભાગના અધિકારીઓએ રાજશ્રી અને કમલા પસંદ પાન મસાલાના બોક્સ તેમજ મીણિયાના થેલા ભરેલી ટ્રક જપ્ત કરી તાડપત્રી સાથે ઢાંકી હતી. તાડપત્રીને કોઈએ કાપી બોક્સ અને થેલા ખોલી કુલ રૂપિયા ૬.૪૭ લાખનો પાન મસાલાનો જથ્થો ચોરી કરી લીધો હતો. એલિસબ્રિજ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા જીએસટી ભવનમાં જીએસટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા કુસુમ યાદવે પોલીસ સ્ટેશનમાં ફિયાદ નોંધાવી છે કે, ગત નવેમ્બર ૨૦૨૩માં અસલાલીના રાધાકૃષ્ણ એસ્ટેટમાંથી બે ટ્રકને જપ્ત કરવામાં આવી હતી. બંને ટ્રકને આંબાવાડી ખાતે જીએસટી ભવનમાં લાવવામાં આવી હતી. ટ્રકના ડ્રાઈવર અને બીલટીમાં જે કંપનીનું નામ લખ્યું હતું તેમને ટ્રકમાં ભરેલા માલ સામાનનું વેરિફિકેશન કરવા બોલાવ્યા હતા. છતાં તેઓ આવ્યા નહોતા. ૨૮ નવેમ્બરના રોજ તપાસ કરતા તેમાંથી રાજશ્રી અને કમલા પસંદ પાન મસાલા ભરેલા બોક્સ અને મીણિયાના થેલા ભરેલો માલ સામાન હતો. જેને તાડપત્રીથી ઢાંકી દેવામાં આવ્યો હતો. ટ્રકમાં રહેલા માલસામાનમાં લાગતા વળગતા કંપની અને ટ્રેડર્સને આ મામલે નોટિસ આપી અને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ હાજર રહ્યું નહોતું. ટ્રકને છોડાવવા માટે પણ કોઈ આવ્યું નહોતું. જેથી નિયમ અનુસાર તેની જાહેર કરવાની હોવાથી જીએસટી ઈન્સ્પેક્ટર ફેટા પાડવા માટે જીએસટી ભવન ખાતે આ ટ્રક પાસે ગયા ત્યારે તાડપત્રી કાપેલી હતી.

# વકીલ હારુન પલેજાની હત્યાના કેસમાં વધુ એક આરોપી સકંજામાં

। (માહિતી) જામનગર, તા.૨૩ ।

જામનગર પોલીસે સિકંદર સાયચા નામના શખ્સને ઝડપ્યો છે. પોલીસ આરોપીને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડ માગવામાં આવે તેવી શક્યતા છે. અગાઉ બશીર સાયચા નામના શખ્સને પકડ્યો હતો. તેમજ હારુન પલેજા હત્યા કેસમાં કુલ બે આરોપી પોલીસ સકંજામાં આવ્યા છે. જામનગરમાં જાણિતા વકીલ હારુન પલેજાની હત્યાના કેસમાં વધુ એક આરોપી પકડાયો છે. જામનગર પોલીસે સિકંદર સાયચા નામના શખ્સને ઝડપ્યો છે. પોલીસ આરોપીને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડ માગવામાં આવે તેવી શક્યતા છે. અગાઉ બશીર સાયચા નામના શખ્સને પકડ્યો હતો. તેમજ હારુન પલેજા હત્યા કેસમાં કુલ બે આરોપી પોલીસ સકંજામાં આવ્યા છે. પરંતુ હજુ પણ ૧૩ આરોપી ફરાર છે. અજાણ્યા વ્યક્તિએ વકીલ હારુન પલેજાની હત્યા કરી હતી. જેના પગલે વકીલના ભત્રીજાએ ૧૫ લોકો સામે ફરીયાદ નોંધાવી હતી.

# બાળકી સાથે છેડતી કરનાર નરાધમને વીસ વર્ષની કેદ

### અમરાવાડીમાં બાળકી સાથે છેડતીનો કેસ, બાળકીને નગ્ન ફોટા બતાવીને આરોપી છેડતી કરતો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમરાઈવાડીમાં સાત અને આઠ વર્ષની બાળકી સાથે છેડતી કરનાર આરોપી દિપક પ્રકાશભાઈ પ્રજાપતિને પોકસોના ખાસ જજ જયેશકુમાર કે. પ્રજાપતિએ ગુનેગાર ઠરાવીને વીસ વર્ષની કેદની સજા ફટકારી છે. સરકાર તરફથી કેસ પુરવાર કરવા માટે ૧૪ સાક્ષીઓ અને ૪૪ જેટલા દસ્તાવેજો રજૂ કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, અમરાઈવાડી વિસ્તારમાં સાત અને આઠ વર્ષની બાળકી સાથે ગતતા. ૭-૫-૨૦૨૨ના બે માસ પહેલા દિપક પ્રકાશભાઈ પ્રજાપતિએ મોબાઈલમાં નગ્ન ફોટા બતાવીને છેડતી કરી હતી. આ બનાવ અંગે ભોગ બનેલી બાળકીના



પરિવારે અમરાઈવાડી પોલીસ મથકમાં ફરિયાદ કરતા આરોપી દિપક પ્રજાપતિની ગતતા.૧૦-૫-૨૦૨૨ના રોજ ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યો હતો. પોલીસે તપાસ કરીને આરોપી દિપક પ્રજાપતિની સામે પોકસો એકટ સહિતની કલમો હેઠળ ચાર્જશીટ મુકયુ હતુ. જે કેસ ચાલતા સરકારી વકીલ ભરત પટ્ટણીએ ૧૧ સાક્ષીઓ અને ૪૪થી વધુ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યુ હતુ કે, આરોપી સામે ગુનો પુરવાર થયા છે, ત્યારે સમાજમાં દાખલો બેસાડવા માટે આરોપીને વધુમાં વધુ સજા ફટકારવી જોઈએ. આરોપી સામે જધન્ય કૃત્ય જોતાં કાયદામાં ઠરાવેલી મહત્તમ સજા કરવી જોઈએ. ત્યારબાદ કોર્ટે આરોપીને ગુનેગાર ઠરાવીને વીસ વર્ષની કેદની સજા ફટકારી છે. આરોપીને સજા ફટકારતા પોકસો કોર્ટએ નોંધ્યુ હતુ કે, આરોપીએ સાત અને આઠ વર્ષની બાળકીઓ સાથે સેકસ્યુઅલ ઓફેન્સીસ આચર્યાનું પુરવાર થયુ છે. આવા બનાવને લીધે ભોગ બનનાર ઉપર લાંબા ગાળાની અસરો ઉપજે તેમ જણાય છે. આરોપીએ આચરેલ ગુનાને હળવાશથી લઈ શકાય નહીં.

# ખનીજ રેતીની હેરાફેરી કરતા ૮ ડમ્પર ઝડપાયા


। (માહિતી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટ ખાતે આવેલા આજીડેમ વિસ્તારમાંથી ૮ ડમ્પર પોલીસે પકડી પાડ્યા છે. ખનીજ રેતીની હેરાફેરી કરતા ૮ ડમ્પર પોલીસે પકડી પાડ્યા છે. ટ્રાફિક ડીસીપીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડમ્પર ચેકિંગ દરમિયાન પોલીસની કામગીરી સામે અનેક સવાલ ઉભા થયા છે. રાજકોટ ખાતે આવેલા આજીડેમ વિસ્તારમાંથી ૮ ડમ્પર પોલીસે પકડી પાડ્યા છે. ખનીજ રેતીની હેરાફેરી કરતા ૮ ડમ્પર પોલીસે પકડી પાડ્યા છે. ટ્રાફિક ડીસીપીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડમ્પર ચેકિંગ દરમિયાન પોલીસની કામગીરી સામે અનેક સવાલ ઉભા થયા છે. એક ડમ્પરમાંથી રેતી ખાલી કરાવી દેવામાં આવી છે. પોલીસકર્મીનું ડમ્પર હોવાથી પોલીસે રેતી ખાલી કરાવી હોવાની ચર્ચા સામે આવી રહી છે. તેમજ ઓવરલોડ ટ્રકને લઈને કાર્યવાહી કરવામાં આવી છે.

## વિશેષ

### હવામાન વિભાગે કરી ભીષણ આગાહી, ઉત્તર પશ્ચિમના પવનના કારણે સામાન્ય કરતા વધારે ગરમીની આગાહી કરાઇ છે

# રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી ગરમીમાં વધારો નોંધાયો







। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી એક સપ્તાહ રાજ્યમાં ગરમી યથાવત રહેશે. તેમજ રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે

રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી ગરમીમાં વધારો થયો છે. ત્યારે આવનારા વધુ ૫ દિવસ હિટવેવ જોવા મળશે તેવી આગાહી કરાઈ છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છવાસીઓએ ઉનાળાની શરૂઆતે જ આકરી ગરમી સહન કરવા તૈયાર રહેવું પડશે. કેમ કે હવામાન વિભાગે કચ્છ અને સૌરાષ્ટ્ર માટે આગામી ૫ દિવસ માટે હિટવેવની આગાહી કરી છે.

આગામી એક સપ્તાહ રાજ્યમાં ગરમી યથાવત રહેશે. તેમજ રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. હાલ રાજ્યમાં પોરબંદર અને ગીર સોમનાથમાં હિટવેવ નોંધાઈ છે. હીટવેવના પગલે હવામાન વિભાગે યેલ્લો એલર્ટ જાહેર કર્યું છે. સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, ગીરસોમનાથ, રાજકોટ, અમરેલી અને દીવમાં હિટવેવની આગાહી કરાઈ છે. સાથે જ ઉત્તર પશ્ચિમના પવનના કારણે સામાન્ય કરતા વધારે ગરમીની આગાહી કરાઈ છે.

તારીખ ૨૫ અને ૨૬ માર્ચે કચ્છ, પોરબંદર, જૂનાગઢ ગિર સોમનાથ, રાજકોટ, અમરેલી, દિવમાં હિટવેવની આગાહી કરાઈ છે. સાથે જ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના વિવિધ ભાગોમાં ડિસ્કમ્ફર્ટ પરિસ્થિતિ રહેશે તેવું પણ જણાવ્યું છે. હાલ ઉત્તર પશ્ચિમ ઉત્તરના પવનના કારણે ગરમીનો પારો વધી રહ્યાંનું હવામાન વિભાગે જણાવ્યું છે. જેથી વધુ ગરમી વાળા વિસ્તારમાં લોકોએ સતર્ક રહેવું પડશે. હાલ ઉત્તર પશ્ચિમ ઉત્તરના પવનના કારણે ગરમીનો પારો વધી રહ્યાંનું હવામાન વિભાગે જણાવ્યું છે. જેથી વધુ ગરમી વાળા વિસ્તારમાં લોકોએ સતર્ક રહેવું પડશે.

માર્ચમાં ગરમીનો મારો!

- અમદાવાદ ૩૭.૩ ડિગ્રી
- ગાંધીનગર ૩૭.૨ ડિગ્રી
- ડીસા ૩૭.૯ ડિગ્રી
- વડોદરા ૩૮.૬ ડિગ્રી
- અમરેલી ૪૦.૩ ડિગ્રી
- ભાવનગર ૩૭.૪ ડિગ્રી
- રાજકોટ ૪૦.૧ ડિગ્રી
- સુરેન્દ્રનગર ૩૯.૨ ડિગ્રી
- પોરબંદર ૩૯.૦ ડિગ્રી
- વેરાવળ ૩૮.૯ ડિગ્રી
- મહુવા ૩૮.૬ ડિગ્રી
- ભુજ ૩૮.૫ ડિગ્રી
- નલિયા ૩૭.૨ ડિગ્રી
- કંડલા ૩૯.૦ ડિગ્રી
- કેશોદ ૩૯.૪ ડિગ્રી

તરસ ન લાગે તો પણ જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીવા જોઈએ. આ સાથે, નાગરિકોને ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓઆરએસ)નો ઉપયોગ કરવું અને લીંબુ શરબત, છાશ / લસ્સી, ફળોના રસ સાથે મિશ્રિત થોડું મીઠું જેવા ઘરે બનાવેલા પીણાં પીવા જોઈએ. પાતળા, ઢીલા, સુતરાઉ કપડાં, આછા રંગના કપડાં પહેરવાની અને સીધા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે ત્યારે છત્રીઓ, ટોપીઓ ટુવાલ અને અન્ય પરંપરાગત માથાના આવરણનો ઉપયોગ કરવું. હવામાનના સમાચારો માટે ટીવી જોતા રહેવું.

## ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

લોકસભા ચૂંટણીને લઈ આજે ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી છે. ચોથી યાદીમાં પુડુચેરી અને તમિલનાડુના લોકસભા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ૭ તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી ૨૦૨૪નો પ્રથમ રાઉન્ડ ૧૯ એપ્રિલે છે. તમિલનાડુ અને પુડુચેરીમાં લોકસભા ચૂંટણી માટે મતદાન ૧૯ એપ્રિલે જ થશે. જો આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાત ભાજપે ૪ બેઠકો જેવી કે, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી અને જુનાગઢના બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા નથી. આ તરફ રાજ્યની ૨૨ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દીધા છે. ભાજપે કોઈમ્બતુરથી તમિલનાડુ ભાજપના અધ્યક્ષ અન્નામલાઈને ટિકિટ આપી છે.

### બન્યા પુરસ્કાર મેળવનાર પ્રથમ વિદેશી રાષ્ટ્રધ્યક્ષ

# ભૂતાનમાં વડાપ્રધાન નરેન્દ્રે મોદીને મળ્યું સર્વોચ્ચ નાગરિક સન્માન

## ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે તેમની મુલાકાતના પહેલા જ દિવસે એવોર્ડથી સન્માનિત કર્યા

। (એજન્સી) થિમ્પૂ, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભુતાનમાં સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું છે. ભૂતાનમાં આ સન્માન મેળવનાર તે પ્રથમ વ્યક્તિ છે જેમને અન્ય દેશના વડા તરીકે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે. ભૂતાનમાં, 'ઓર્ડર ઓફ ધ ડ્રૂક ગ્યાલ્પો' અત્યાર સુધી માત્ર ભૂતાની વ્યક્તિઓને જ આપવામાં આવ્યો છે. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે તેમની મુલાકાતના પહેલા જ દિવસે પીએમ મોદીને આ એવોર્ડથી સન્માનિત કર્યા છે. અત્યાર સુધી આ એવોર્ડ માત્ર ચાર પ્રતિષ્ઠિત લોકોને આપવામાં આવ્યો છે. અગાઉ ૨૦૦૮માં આ એવોર્ડ રોયલ ક્વીન આશી કેસાંગ વાંગચુકને આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. પીએમ મોદીએ આ માટે ભૂતાનના રાજાનો આભાર માન્યો હતો. તમને જણાવી દઈએ કે આ એવોર્ડ માત્ર ભૂતાનના સ્થાપિત



પદો માટે જ આપવામાં આવ્યો હતો. તેને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ગણવામાં આવે છે. આ પુરસ્કાર ૨૦૦૮માં જ ભૂતાનના ૬૮મા ખેન્પો તેનઝીન ડેટઅપને આપવામાં આવ્યો હતો. ૨૦૧૮ માં જે ખેન્પો ટૂલ્કુ નગાવાંગ જિગ્મે ચોએદ્રાને પણ આપવામાં આવ્યું હતું. જે ખેન્પો ભૂતાનની મધ્ય મઠના સંસ્થાના વડા છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે ભૂતાન પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ ભૂતાનના યુવાનોના જૂથે શુક્રવારે દેશમાં તેમનું સ્વાગત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લખેલા ગરબા ગીત પર ડાન્સ કર્યો હતો. અગાઉ, વડા પ્રધાન મોદી 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ હેઠળ ભૂતાન સાથે ભારતના અનન્ય સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે બે દિવસની રાજ્ય મુલાકાતે ભૂતાન પહોંચ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ મુલાકાત દરમિયાન મોદીનું ખાસ સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂતાનના યુવાનોના એક જૂથે તાજેતરમાં મોદી દ્વારા લખેલા ગીત પર ગરબા રજૂ કર્યા હતા. મોદીએ તેનો ડાન્સ જોયો અને પ્રદર્શનના અંતે તેની પ્રશંસા કરી. પારો એરપોર્ટ પર વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમનું એરપોર્ટ પર ભૂતાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ સ્વાગત કર્યું હતું. પારો ઈન્ટરનેશનલ એરપોર્ટથી થિમ્પુ સુધીના ૪૫ કિમી લાંબા રૂટને ભારત અને ભૂતાનના રાષ્ટ્રધ્વજથી શણગારવામાં આવ્યો હતો.

### ૫૭ બેઠકોના ઉમેદવારોના નામની જાહેરાત

## લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે ત્રીજી યાદી જાહેર કરી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કોંગ્રેસે ત્રીજી યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ ૫૭ ઉમેદવારોના નામની જાહેરાત કરી. પોતાની ત્રીજી યાદીમાં કોંગ્રેસે ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, પુડુચેરી, રાજસ્થાન, તેલંગણા અને પશ્ચિમ બંગાળની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી. અધીર રંજન ચૌધરીને તેમની હાલની સીટ બહરામપુરથી ટિકિટ અપાઈ છે. અહીં તેમનો મુકાબલો પૂર્વ ભારતીય ક્રિકેટર અને ટીએમસી ઉમેદવાર યુસુફ પઠાણ સાથે થશે. કોંગ્રેસ પાર્ટીએ ગુરુવારે સાંજે લોકસભા ચૂંટણી માટે ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત સાત રાજ્યોમાં ૫૭ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી. કોંગ્રેસ પાર્ટીએ આ અગાઉ પહેલી યાદીમાં ૩૯ નામ અને બીજી યાદીમાં ૪૩ નામની જાહેરાત કરી હતી. કોંગ્રેસે અત્યાર સુધી જે સાત નામ જાહેર કર્યા હતા,




જેમાં વધુ ૧૧ નામનો ઉમરો થયો છે. કોંગ્રેસે કોને ટિકિટ આપી તેની વાત કરીએ તો, આણંદથી અમિત ચાવડા, છોટાઉદેપુરથી સુખરામ રાઠવા, પાટણથી ચંદનજી ઠાકોર, અમરેલીથી જેની ઠુમ્મર, સુરતથી નિલેશ કુંભાણી, ખેડા બેઠકથી કાળુ ડાભી, જામનગરથી જે.પી.મારવિયા અને દાહોદથી પ્રભા તાવિયાડને ટિકિટ આપવામાં આવી છે. અત્રે જણાવવાનું આજે ભાજપે ત્રીજી યાદીમાં ૯ નામની જાહેરાત કરી હતી. ભાજપની ત્રીજી યાદીમાં તમિલનાડુ રાજ્યની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરાઈ હતી. ભાજપે કોઈમ્બતુરથી તમિલનાડુ ભાજપના અધ્યક્ષ અન્નામલાઈને ટિકિટ આપી છે.

## બપોરે બે વાગ્યાથી રાત્રે બે વાગ્યા સુધી રોડ બંધ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।


મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૨૪ માર્ચ, ૩૧ માર્ચ અને ૪ એપ્રિલના રોજ મેચ રમાશે. મેચના દિવસે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ તરફ જવાના રોડ ટ્રાફિક પોલીસ દ્વારા બંધ કરવામાં આવશે, જેને લઈ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ મોટેરા જનપથ ત્રણ રસ્તાથી ક્રિકેટ સ્ટેડિયમ થઈ કૃપા રેસિડેન્સી સુધીનો રસ્તો વાહન ચાલકો માટે બંધ રહેશે. ૨૪ માર્ચ અને ૪ એપ્રિલના રોજ બપોરે બે વાગ્યાથી રાત્રે બે વાગ્યા સુધી રોડ બંધ રહેશે. જ્યારે ૩૧ માર્ચના રોજ સવારે ૧૧ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી આ રોડ બંધ કરવામાં આવશે.

### કેજરીવાલની એક્સાઇઝ પોલિસીમાં કરવામાં આવી છે ધરપકડ

# અરવિંદ કેજરીવાલના રિમાન્ડ પર કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આજે અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે તેમના ૧૦ દિવસના રિમાંડ માગવામાં આવ્યા હતા. પણ કોર્ટે નિર્ણય સુરક્ષીત રાખ્યો છે. આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨ના કથિત કૌભાંડમાં ગુરુવારે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આજે અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કરવામાં



આવ્યા છે તેમના ૧૦ દિવસના રિમાંડ માગવામાં આવ્યા હતા. રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી દરમિયાન EDએ કોર્ટને જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હી દારૂ કૌભાંડના કિંગપિન છે. EDએ કહ્યું કે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસીની રચનામાં સીધા સામેલ હતા. કેજરીવાલે લાંચ લેવામાં અમુક લોકોની તરફેણ કરી હતી. ગુનામાંથી મળેલી રકમનો ઉપયોગ આમ આદમી પાર્ટીની ગોવાની ચૂંટણી માટે ભંડોળ માટે કરવામાં આવ્યો હતો. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે. અરજીમાં ED દ્વારા ધરપકડને પડકારવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર કેજરીવાલના પક્ષમાંથી છેલ્લા કેટલાક સમયથી અરજી પાછી ખેંચી લેવામાં આવી છે. આ મામલામાં કેજરીવાલની અરજી પર આજે નીચલી કોર્ટમાં સુનાવણી થવાની છે. આવી સ્થિતિમાં કેજરીવાલ વતી વકીલ અભિષેક મનુ સિંઘવી ત્યાં હાજર થયા છે. રાઉઝ એવન્યુ કોર્ટમાં દારૂ કૌભાંડ કેસની સુનાવણી ચાલી રહી છે. આ સમયગાળા દરમિયાન, EDએ કેજરીવાલ વિશે ઘણા દાવા કર્યા છે.

### કેજરીવાલની ધરપકડ પર બોલ્યાં ગુરુ અન્ના હજારે

# અરવિંદ કેજરીવાલની ધરપકડ તેમના કરેલા કાર્યોનું પરિણામ

## એક સમયે તેમની સાથે દારૂની વિરુદ્ધ કામ કરનારાઓએ દારૂની નીતિ બનાવવાનું શરૂ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ (૫૫ વર્ષ)ની ધરપકડ બાદ દેશનું રાજકારણ ગરમાયું છે. ઈડીની ટીમ ગુરુવારે સાંજે ૧૦મીએ સમન્સ સાથે કેજરીવાલના ઘરે પહોંચી અને કથિત લિકર પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની બે કલાક પૂછપરછ કરી અને તેમની ધરપકડ કરી હતી. આ બધાની વચ્ચે હવે અન્ના હજારેનું પણ નિવેદન સામે આવ્યું છે. અણ્ણા હજારેએ કેજરીવાલની ધરપકડને તેમના કાર્યોનું પરિણામ ગણાવ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પર સમાજસેવક અણ્ણા હજારેની પહેલી પ્રતિક્રિયા આવી છે. અણ્ણા હજારેએ યાદ કર્યું કે, કેજરીવાલ એક સમયે તેમની સાથે દારૂના વિરોધમાં અવાજ ઉઠાવતા હતા.અણ્ણાએ એ વાતનું દુઃખ વ્યક્ત કર્યું કે, એક સમયે તેમની સાથે દારૂની વિરુદ્ધ



કામ કરનારાઓએ દારૂની નીતિ બનાવવાનું શરૂ કર્યું. મહારાષ્ટ્રમાં તેમના ગામ રાલેગણ સિદ્ધિથી એક નિવેદન જાહેર કરતા હજારેએ કહ્યું, મને ખૂબ જ દુઃખ છે કે અરવિંદ કેજરીવાલ જેવો વ્યક્તિ, જે મારી સાથે કામ કરતો હતો. અમે દારૂ અંગે અવાજ ઉઠાવ્યો હતો, આજે તે દારૂની નીતિ બનાવી રહ્યા છે. મને આ વાતનું દુઃખ લાગ્યું. પણ શું કરશે, સત્તાની સામે કશું જ ચાલતું નથી. છેવટે તેના કામના કારણે તેની ધરપકડ કરવામાં આવી. જો આપણે આ વાતો ન કહી હોત તો ધરપકડનો પ્રશ્ન જ ન હોત. જે કંઈ થયું છે જે કંઈ કાયદાકીય રીતે થશે, તે સરકાર જોશે.

### ૪૫ કિલોમીટર સુધી એક જ લાઈનમાં ઉભા રહ્યા લોકો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભૂતાનમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



। (એજન્સી) થિમ્પૂ, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભૂતાનના પ્રવાસ પર છે. આજે સવારે પારો એરપોર્ટ પર વડાપ્રધાન મોદીનું ભૂતાનના વડાપ્રધાન શેરિંગ ટોબગેએ સ્વાગત કર્યુ. તાજેત્તરમાં જ દાશો શેરિંગ તોબગેએ પણ ૧૪-૧૮ માર્ચ સુધી ભારતનો પ્રવાસ કર્યો હતો. ભારતે પણ ભૂતાનના વડાપ્રધાનની ખાસ મેજબાની કરી હતી. હવે વડાપ્રધાન મોદી ભૂતાન પહોંચ્યા છે તો વડાપ્રધાન મોદીને જોવા માટે ત્યાંના લોકોનો ઉત્સાહ જોવા લાયક છે. વડાપ્રધાનના સ્વાગતમાં લોકો પારો એરપોર્ટથી રાજધાની થિમ્પૂ સુધી ૪૫ કિલોમીટર રસ્તાની બંને તરફ લાઈનમાં જોવા મળ્યા. વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે દરેક ઉંમરના નાગરિક ભૂતાનના રસ્તાઓ પર નજરે આવ્યા. વડાપ્રધાન મોદીએ રાજધાની થિમ્પૂ પહોંચ્યા બાદ રસ્તામાં ઉભા રહેલા લોકો સાથે મુલાકાત કરી અને ત્યાં હાજર બાળકો સાથે પણ વાતચીત કરી. વડાપ્રધાન મોદી આ પહેલા ૨૦૧૯માં ભૂતાન ગયા હતા. આ પ્રવાસમાં ભારત અને ભૂતાન વચ્ચે ઘણા કરાર થયા હતા. જેમાં આર્થિક સહયોગ અને કનેક્ટિવિટી જેવી મુખ્ય દ્વિપક્ષીય પરિયોજનાઓનો શુભારંભ કરવામાં આવ્યો હતો. હાલમાં જ ભૂતાનના વડાપ્રધાન શેરિંગ ટોબગે ભારત પ્રવાસ કરીને ગયા છે, જેમાં તેમને ભારત સાથે આર્થિક સંબંધોની સાથે અલગ અલગ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે બંને દેશની પ્રતિબદ્ધતાને જણાવી હતી. વડાપ્રધાન ભૂતાનમાં ૨૩ માર્ચ સુધી રહેશે.




ભૂટાનમાં નરેન્દ્ર મોદી અને શ્રી શેરિંગ તોબગેએ થિમ્પુ ખાતે ગ્યાલ્ટસુએન જેત્સુન પેમા વાંગચુક મધર એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું.

### ૪૦૦ દિવસથી જેલમાં બંધ હતો આરોપી

# મોરબી બ્રિજ દુર્ઘટનાના આરોપી જયસુખ પટેલને શરતી જામીન મળ્યા

## તેઓ અનેક કોર્ટમાં અરજી પણ કરી ચુક્યા હતા, અંતે તેને આજે સુપ્રીમ કોર્ટે શરતી જામીન આપ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

મોરબી બ્રિજ દુર્ઘટના કેસમાં છેલ્લા ૪૦૦ જેટલા દિવસથી જેલવાસ ભોગવી રહેલા આરોપી જયસુખ પટેલને અંતે જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટે જયસુખ પટેલને શરતી જામીન આપ્યા છે. ૪૦૦ દિવસ જેટલા સમયથી જેલમાં હતો અને બહાર આવવા હવાતિયા મારી રહયો હતો. તેઓ અનેક કોર્ટમાં અરજી પણ કરી ચુક્યા હતા. અંતે તેને આજે સુપ્રીમ કોર્ટે શરતી જામીન આપ્યા છે. જયસુખ પટેલ મોરબી બ્રિજનું સમારકામ અને સંચાલન



કરતી કંપની ઓરેવાના MD હતા. મોરબી દુર્ઘટનાના પગલે તેની ધરપકડ કર્યા બાદ અંદાજે ૪૦૦ દિવસ કરતા વધુ સમયથી તે જેલમાં હતો. જયસુખ પટેલે જુદી જુદી કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. છેલ્લે ગુજરાત હાઈકોર્ટમાં પણ તેની જામીન અરજી ભગાવવામાં આવી હતી. જે પછી તેણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટમાં આ જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે જયસુખ પટેલના શરતી જામીન મંજુર કર્યા છે. ભૂતકાળમાં ઘટના બની ત્યારે ૩ મહિના સુધી જયસુખ પટેલ ફરાર હતો.આ બધી ઘટનાને ધ્યાને રાખીને સુપ્રીમ કોર્ટે પાસપોર્ટ સહિતની ચીજવસ્તુઓ જમા કરાવવાનો આદેશ કર્યો છે.

### બીજેડી સાથે ન થયું ગઠબંધન

## ઓડિશામાં ભારતીય જનતા પાર્ટી હવે એકલા હાથે લડશે ચૂંટણી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઓડિશામાં, ભારતીય જનતા પાર્ટી અને બીજુ જનતા દળ (BJD) વચ્ચે વિધાનસભા ચૂંટણી અને લોકસભા ચૂંટણી માટે બેઠકો પર કોઈ સમજૂતી થઈ નથી. ઓડિશામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલે ટ્વીટ કર્યું કે આ વખતે ભારતીય જનતા પાર્ટી (BJP) તમામ ૨૧ લોકસભા બેઠકો અને તમામ ૧૪૭ વિધાનસભા બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડશે. ઓડિશામાં ભાજપ એકલા હાથે ચૂંટણી લડશે. આપને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપ અને બીજેડી વચ્ચે બેઠકો પર સમજૂતીની વાત થઈ હતી અને બંને પક્ષો વચ્ચે ગઠબંધન અંગે સતત અટકળો ચાલી રહી હતી, પરંતુ શુક્રવારે પ્રદેશ અધ્યક્ષના નિવેદન બાદ સ્પષ્ટ થઈ ગયું છે. ઓડિશામાં ભાજપ અને બીજેડી વચ્ચે સીટો પર કોઈ સમજૂતી નથી થઈ. ઓડિશામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલે ટ્વીટ કર્યું કે, છેલ્લા ૧૦ વર્ષથી નવીન પટનાયકના નેતૃત્વમાં ઓડિશાની બીજેડી રાષ્ટ્રીય મહત્વના ઘણા મુદ્દાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારને સમર્થન આપી રહી છે, આ માટે અમે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. તેમણે કહ્યું હતું કે એવો અનુભવ થયો છે કે દેશમાં જ્યાં પણ ડબલ એન્જિનની સરકાર રહી છે, ત્યાં વિકાસ અને ગરીબ કલ્યાણકારી કાર્યોમાં ઝડપ આવી છે અને રાજ્યએ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે, પરંતુ આજે ઓડિશામાં અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં આવી છે. મોદી સરકાર જમીન પર નથી, પરંતુ તેઓ પહોંચી શકવા સક્ષમ નથી.

## તંત્રી લેખ...

# મૌન ક્રોધને જીતવાનુ દિવ્યાસ્ત્ર જ નહીં, બલ્કે બુદ્ધિ-વિવેકનું અપૂર્વ રક્ષા-કવચ પણ છે

ક્રોધ અને ઈર્ષ્યા અજ્ઞાનના કારક છે, જ્યારે મૌન અને તપ જ્ઞાનના. જ્ઞાની વ્યક્તિ બીજાને સુખ આપીને ખુદ આનંદિત થાય છે. જ્યારે અજ્ઞાની વ્યક્તિ બીજાને સતાવીને, પીડા આપીને, તેમના માર્ગને અવરુદ્ધ કરી સુખ મેળવે છે. જ્ઞાન અને મૌન હંમેશાં સર્જનાત્મક અને ભવિષ્યલક્ષી હોય છે, જ્યારે ક્રોધ અને અજ્ઞાન નિતાંત વિધ્વંસાત્મક અને તાત્કાલિક. જ્ઞાની ખુદની સાથે સાથે, પરહિત અને પરમાર્થનું કાર્ય કરે છે, જ્યારે અજ્ઞાની ખુદની સાથે સાથે બીજાના અનિષ્ટ માટે જ કૃતસંકલ્પિત હોય છે. તેને ઈચ્છવા છતાં પુણ્યનું કાર્ય સુલભ નથી હોતું. જ્ઞાન પૂર્વજન્મોના પુણોના સંચિત ગુણધર્મોનું પ્રતિફળ હોય છે, જ્યારે અજ્ઞાન કરેલા પાપોનો સમૂહ. સુગંધથી ક્યારેય દુર્ગંધ ન આવી શકે અને દુર્ગંધથી ક્યારેય દુર્ગંધ ન જઈ શકે. ક્રોધ અને મૌન રાત અને દિવસ સમાન છે. ચરિત્ર, ગુણધર્મ અને ઉપયોગિતાની દષ્ટિએ બંને નિતાંત વિપરીત હોય છે. વિચાર અને આચરણની ઉત્કૃષ્ટતાના અભાવમાં વ્યક્તિના જીવનની ગરિમા સમયચક્ર વીતતાં જ ધૂળમાં મળી જાય છે. ત્યાગી, તપી અને પરમાર્થી સાધક આ સંસારથી ગયા બાદ પણ સ્મરણીય અને વંદનીય હોય છે. વિષય-ભોગી, પદ કે સત્તાનો દુરુપયોગ કરનારો વ્યક્તિ ક્ષણે ક્ષણે જીવતેજીવ જ મરતો રહે છે. ક્રોધનો પ્રચંડ અગ્નિદ્ધ કોઈપણ દુર્બળ વ્યક્તિના વિવેક અને બુદ્ધિના સામ્રાજ્યનો સંહાર કરી શકે છે. તેનાથી વિપરીત મૌન ક્રોધને જીતવાનુ દિવ્યાસ્ત્ર જ નહીં, બલ્કે બુદ્ધિ-વિવેકનું અપૂર્વ રક્ષા-કવચ પણ છે. ક્રોધ આવતાં જ મનુષ્યના જીવનથી પ્રેમ, સૌંદર્ય, સદ્વિચાર, માધુર્ય, લાલિત્ય, પોતાપણું અને આનંદ જેવા શ્રેષ્ઠ ગુણધર્મ સદા સદા માટે તેનો સાથ છોડી દે છે. જ્યારે મૌનના વૃક્ષ પર શાંતિ અને આનંદનાં ફળ અને ક્રોધના વૃક્ષ પર વિનાશ અને પશ્ચાતાપનાં ફળ લાગે છે. એ આપણે નિશ્ચય કરવાનો છે કે વિધ્વંસનો માર્ગ અપનાવવો છે કે સર્જનનો. માણસના છ શત્રુ છે. કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સર. મત્સરનું બીજું નામ છે ઈર્ષ્યા. ઈર્ષ્યા ક્રોધની સગી બહેન છે. જ્યાં ક્રોધ હોય ત્યાં ઈર્ષ્યા હોય છે. આમ જોવા જાવ તો બંને એકબીજાનાં પૂરક છે. ક્રોધ આવતાં જ ઈર્ષ્યા પણ ત્યાં હાજર ઈ જ જાય છે.

## શિક્ષણ ક્ષેત્રે કૃત્રિમ બુદ્ધિમત્તાનો પ્રયોગ નિઃસંદેહ શિક્ષણના સ્વરૂપ અને સ્તરમાં આમૂલ પરિવર્તન કરી શકે છે



હાલમાં જ ભારતને પહેલી એઆઇ શિક્ષિકા મળી છે. નિશ્ચિતપણે ટેકનિકના ક્ષેત્રે આ દેશની અભૂતપૂર્વ ઉપલબ્ધિ કહી શકાય. કેરળના તિરુવનંતપુરમની એક સ્કૂલમાં રજૂ કરવામાં આવેલ આ રોબોટ શિક્ષિકાનું નામ ‘આઈરિસ’ છે. આ રોબોટ શિક્ષિકા ચેટજીપીટી જેવા એઆઇ પ્રોગ્રામોથી સજ્જ છે અને તેની પાસે ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોના પ્રશ્નોનો જવાબ આપવાની ક્ષમતા પણ છે. ત્રણ ભાષાઓમાં વાત કરી શકનારી એઆઇ શિક્ષિકા સાડી પહેરીને સ્કૂલે પહોંચી અને તેણે બાળકો સાથે હાથ પણ મિલાવ્યો. શિક્ષણ ક્ષેત્રે કૃત્રિમ બુદ્ધિમત્તાના પ્રયોગનું આ અનોખું ઉદાહરણછે. એમ તો કૃત્રિમ બુદ્ધિમત્તાની શરૂઆત ૧૯૫૦માં થઈ હતી, પરંતુ તેનો તીવ્ર વિકાસ ૧૯૭૦ બાદ શરૂ થયો. હાલની વાત કરવામાં આવે તો નવેમ્બર ૨૦૨૨માં ચેટજીપીટી નામના ઓપન એઆઇ ચેટબોટના અસ્તિત્વમાં આવ્યા બાદ કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રે નિઃસંદેહ એક ક્રાંતિકારી પ્રાદુર્ભાવ થયો છે. ચેટજીપીટીમાં ઉચ્ચ સ્તરીય અલ્ગોરિધમ અને પ્રોગ્રામિંગનો પ્રયોગ કરીને પ્રશ્નોનો જવાબ આપવાનો અને માનવના એ તમામ કાર્યોને સહજ અને સરળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે, જેને પૂરાં કરવા માટે તેણે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. આ જ ચેટજીપીટીને રોબોટ સાથે જોડીને કૃત્રિમ શિક્ષક અસ્તિત્વમાં લાવવામાં આવી છે. અહીં એક વિચારણીય પ્રશ્ન થાય છે કે શિક્ષણના ક્ષેત્રે કૃત્રિમ મેધાનો પ્રયોગ ક્યાં સુધી યોગ્ય છે અને જો કૃત્રિમ બુદ્ધિમતા વિકાસના માર્ગ પર આ જ દ્રુત ગતિથી દોડતી રહી તો ભવિષ્યનું સ્વરૂપ કેવું હશે? હજુ થોડા દિવસો પહેલાંની જ વાત છે કે ઇંગ્લેન્ડની એક સ્કૂલે એઆઇ ચેટબોટને પ્રિન્સિપાલ હેડ ટીચર બનાવી છે અને વિદ્યાર્થીઓને પણ એઆઇ આધારિત પર્સનલ આસિસ્ટન્ટ આપવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રે કૃત્રિમ મેધાનો સમાવેશ આખરે કઈ સીમા સુધી યોગ્ય છે. આ પ્રશ્નનો જવાબ જાણવા માટે આપણે ક્યાંય ભટકવાની જરૂર નથી, પણ પોતાની બુદ્ધિમત્તાના ઘોડા દોડાવીને એક તર્કપૂર્ણ મંથન કરવાની જરૂર છે. વિચારો કે શું કોઈ સ્કૂલ કે કોલેજને સંપૂર્ણપણે કૃત્રિમ મેધાથી સજ્જ રોબોટ શિક્ષકોને હવાલા કરી શકાય છે અને એવું પગલું ભરીને શું વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને ચિંતામુક્ત થઈ શકાય છે? આ પ્રશ્નો પર જો મંથન કરીએ તો આપણે તેનો જવાબ નકારાત્મક જ મળશે. કારણ એ છેકે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આધારિત રોબોટ શિક્ષક માત્ર એક ઉચ્ચ કોટિના અલ્ગોરિધમ અને માહિતીના ઉચ્ચ સંગ્રહ ક્ષમતાથી યુક્ત મશીન છે. તે પ્રશ્નોના જવાબ તો કદાચ આપી શકે, પરંતુ જ્યારે વાત જિજ્ઞાસાઓ અને રચનાત્મકતાની હશે ત્યારે નિશ્ચિતરૂપે ઊંધા મોંએ પછડાશે. કારણ સ્પષ્ટ છે કે સ્મૃતિ ક્ષમતા અને તર્કશક્તિમાં જમીન આસમાનનું અંતર છે. એઆઇ આધારિત મશીની શિક્ષક વાસ્તવિક શિક્ષકનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે, કારણ કે કોઈપણ વિષય પર વિચારવા, સમજવા અને તર્ક રજૂ કરવાની ક્ષમતા હાલમાં તેની પાસે નથી અને કોઈપણ વિષયને બેહતર રીતે સમજવા માટે એના પર પોતાની વિચારશક્તિ અને તર્કક્ષમતાનો પ્રયોગ કરવો નિતાંત જરૂરી છે. આંકડા એમ કહે છે કે એઆઇ વર્ષ ૨૦૩૦ સુધી ૩૦ કરોડ નોકરીઓ ખાઈ જશે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તાના સંબંધે કરવામાં આવેલ ટિપ્પણી પણ એમ કહે છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા એક એવી ટેકનિકલ ક્રાંતિ છે જે આપણી ઉત્પાદકતા, વૈશ્વિક આવક અને વિકાસને વધારશે.

**નાના નાના બાળકોને ચકલીને ઉડતી જોઈને બહુ આશ્ચર્ય થતું, અને આપણી વાર્તાઓમાં પણ ચકાચકીની વાર્તાએ એટલે જ સ્થાન લીધું છે**

# બાળકોની દુનિયામાં જીવતું જાગતું અને ઉડાઉડ કરતું મનોરંજનનું સૌથી પહેલું જાદું એટલે ચકલી!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**શહેરીકરણની સૌથી મોટી ખોટ આપણને પડી હોય તો એ આ છે! કે દિવસે દિવસે ઓછી થતી જતી પક્ષીઓની પ્રજાતિ! આપણી આસપાસ કલબલતા પક્ષીઓ ઓછા થતા જાય છે, એની નોંધ બહુ ઓછાં લોકો લેતા હશે**

વીસ માર્ચ એ ચકલી દિવસ હતો અને એ દિવસે એની પર કંઈ લખ્યું નહોતું, ઉપરાંત નિમિષ મામા એ પણ કહ્યું કે એની પર લખ, તો થયું સૌની પ્યારી એવી ચકલી પર લખું. આમ તો બધાં જ નાના બાળકોની મનોરંજનની દુનિયામાં ચકલી નામનું નાનકડું પક્ષી એ એક જાદું જેવી ફીલીંગ કરાવતું પાત્ર છે. આપણા બાળ સાહિત્યકારો એ એની પર ખૂબ બધી રચનાઓ લખી છે. ચકીબેન ચકીબેન.. એક બિલાડી જાડી તેણે પહેરી સાડી... અને હાથીભાઈ તો જાડા.. આ બધાં જોડકણાં સાંભળી સાંભળીને બાળકો મોટા થતાં, અને એ રીતે આસપાસની દુનિયા સાથે એને જોડવામાં આવતા, જીવદયાનો ભાવ કેળવવામાં આવતો! ચકલી એ પહેલાં આપણાં જીવનનો એક હિસ્સો હતી, એની ચીંચીંથી આપણું ફળિયુ તથા ઘર સૂરીલુ રહેતું હતું. નાના નાના બાળકોને ચકલીને ઉડતી જોઈને બહુ આશ્ચર્ય થતું, અને આપણી વાર્તાઓમાં પણ ચકાચકીની વાર્તાએ એટલે જ સ્થાન લીધું છે.પણ સમય બદલાયો અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં આ જોડકણાંની બદલે અન્ય આવી ગયા, અને કોઈ માટે કંઈક જતું કરવાની, કે એને કંઈક આપવાની બાળકની વૃત્તિઓ પણ બદલાઈ ગઈ. વહેલી સવારના દ્રશ્યોની વાત હવે વાર્તા, કહાની, કે કવિતામાં જ જોવા મળે છે. કારણ કે ગામડાઓ ઓછા થતા જાય છે, અને ગામડાનું પણ શહેરીકરણ થઈ ગયું છે. નથી રહ્યું ગામનું પાદર, કે નથી રહ્યો એ વડલો! જેમાં અસંખ્ય પંખીઓ પોતાના માળાઓ કરતાં, અને સવાર પડે તો જાણે વડલાને વાચા ફૂટી હોય એવા દ્રશ્યો જોવા મળતાં! શહેરીકરણની સૌથી મોટી ખોટ આપણને પડી હોય તો એ આ છે! કે દિવસે દિવસે ઓછી થતી જતી પક્ષીઓની પ્રજાતિ! આપણી આસપાસ કલબલતા પક્ષીઓ ઓછા થતા જાય છે, એની નોંધ બહુ ઓછાં લોકો લેતા હશે. એક ઘટાદાર વૃક્ષનું કપાવું એટલે ઓછામાં ઓછા ૧૦૦ માળાઓની જગ્યા ઓછી થવી, અંદાજે એ રીતે હિસાબ માંડીએ તો વિચારો વિકાસને નામે આપણાં કેટલા વૃક્ષો કપાયા, અને એ રીતે એ પક્ષીઓના રહેવાની જગ્યા ગઈ. પર્યાવરણનાં મુખ્ય ઘટક સમાન વૃક્ષો કપાવવાને કારણે ઓક્સિજન પણ દિવસે દિવસે ઘટતો જાય છે, એની લાલબત્તી તો કોરોના સમયથી થઈ ગઈ છે, પણ આપણે આપણા સુખ આડે એ બધું જોતા નથી. આજે ચકલી દિવસ નિમિત્તે ફલાણી જગ્યાએ ચકલીના માળાઓ નિઃશુલ્ક આપવામાં આવશે! કેટલાય વર્ષોથી ચકલીની પ્રજાતિ બચાવવા માટે સમાજની કેટલીય સેવાભાવી સંસ્થાઓ આ પ્રકારનું કાર્ય કરે છે, રસ્તા પર પણ ઘણા શ્રમજીવીઓ ચકલાના માળા વેચતા જોવા મળે છે. ચકલી દરેક પ્રાંતમાં અલગ અલગ નામથી ઓળખાય છે, હિન્દીમાં એને ચિડિયા કહી છે અને આપણા દેશનો પરિચય આપતાં ગીતમાં એનો ઉપયોગ છે. જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હે બસેરા વો ભારત દેશ હે મેરા! ચકલીને લગતી બીજી કેટલીય બાબતો આપણે ગુગલ સર્ચ કરીને જાણી શકીશું અને ચકલી દિવસ નિમિત્તે સોશ્યલ મીડિયા પર એ પ્રકારના મેસેજ એ ધૂમ મચાવી હતી.પણ ચકલી એટલે એક પક્ષી એ રીતે જોઈએ તો, પ્રાણી અને પક્ષીમાં કોઈ બેઝિક તફાવત હોય તો એ છે, કે પક્ષી ઉડી શકે, અને પ્રાણી ઉડી ન શકે! પક્ષીને ઉડવા માટે પાંખ હોય જ્યારે પ્રાણીને ચાલવાનું હોય એટલે પગ હોય. નાનાથી શરૂ કરીને મોટા મોટા પક્ષીઓની ઉડવાની ક્ષમતા પણ ઓછી વધુ હોય છે, જેમ કે ચકલી વધીને વધી ૧૦ થી ૧૫ ફૂટ સુધી ઉંચી ઉડી શકે. જેમ જેમ કદ અને પાંખ મોટા થતા જાય એમ એ લોકોને ઉડવાની ક્ષમતા પણ વધે. એટલે કે ઉડવા માટે પાંખ બહુ જરૂરી છે, પરંતુ આ એક તફાવત છોડીને બીજા કયા તફાવત છે કે જે તેને ઉડવામાં મદદ કરે છે? સાંપ્રત સમયમાં દરેકને બહુ મોટી ઉડાન ભરવી હોય છે, અને આખું આકાશ સર કરવાની લગભગ દરેકની ઝંખના હોય છે. એટલે કે ઉડવું એ કદાચ માનવ જીવનની સદીઓથી સૌથી મોટી મહત્વકાંક્ષા છે, એમ કહી શકાય. અહીં ઉડવાનો અર્થ આપણે અન્ય કરતાં ઉપર ઉઠવું, કે પછી કોઈ વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવી, શ્રેષ્ઠ સાબિત થવું, મહાન કહેવડાવવું એ રીતે કર્યો છે. પરંતુ આ માટે થઈને આપણે પક્ષીઓનું સૂક્ષ્મસ્તર રીતે અવલોકન કે નિરીક્ષણ કરવું પડશે, જ્યારે આપણે તો પક્ષીઓ ઓછા થતા જાય છે, એ તરફ પણ ધ્યાન આપવું નથી! અને છતાં ઉડવા માટે સતત કોઈને કોઈ અવળો માર્ગ પસંદ કરીએ છીએ, તો પછી કઈ રીતે ઉડી શકાય? શારીરિક રચનાની રીતે પક્ષીઓ ઉડી શકે છે એ વાત તો આપણે સૌ કોઈ જાણીએ છીએ, અને આપણે પ્રાથમિક શાળામાં ભણી ગયા છીએ, કે પક્ષીઓના હાડકાની બનાવટ તથા રચના આપણી કરતા જુદી છે,અને પીછા વાળી પાંખ પણ છે. ચકલી, કાબર, કબુતર જેવા આપણા આંગણાના પક્ષીઓનું નિરીક્ષણ કરીએ, તો એમની જરૂરિયાતો સાવ ઓછી છે, એટલે કે મુઠ્ઠીભર અનાજ વેર્યું હોય એમાંથી પણ તે ૧૫ /૨૦ દાણા માંડ ચણે છે, અને જોઈએ તેટલું જ તે ગ્રહણ કરે છે, આમાં સંગ્રહનો ક્યાંય અવકાશ નથી. આજે મળ્યું છે, આવતીકાલે નહીં મળે! એમ સમજીને કોઈ પક્ષીએ દાણા ભેગા કર્યા હોય એવું આપણે આજ સુધી જોયું નથી! એના પરથી કહી શકાય કે દરેક પ્રકારની ભૂખ નામની વયાધિ એને આપણી કરતા ઓછી પીડતી હશે, અથવા તો એને ભરોસો હશે, કે આવતીકાલે પણ ચણ મળી જશે! આ બે મુખ્ય વાત તેના ઉડી શકવા માટે કારણભૂત છે. જ્યારે આપણે તો સાલ ભરનું ભેગું કર્યું, કદાચ એનાથી પણ વધુ, અને છતાં આપણી હજી વધુની ભૂખ મટતી નથી!: અને તોય પાછું ઉડવું છે! ઉપર ઉઠવાનો આધ્યાત્મિક અર્થ કરીએ તો આ બધી સંસારિક આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈ, અને ઉપર ઉઠી જવું, એટલે કે અસંગ થવું, કે નિર્લેપ થવું. આપણે દુઃખ ને કાઢવા છે, પણ સુખને પંપાળવા છે, માટે દુઃખની પીડા ઓછી થતી નથી. એકવાર જો સુખને દૂર રાખીએ, તો દુઃખ એટલું દુઃખદાયી નથી, એ સમજાય. ચકલી આપણને શીખવે છે કે બને તેટલી ઓછી જરૂરિયાત રાખવી, આવતીકાલ વિશે વધુ પડતું વિચારીને સંગ્રહ કરવો નહીં, કારણ કે આ સંગ્રહખોરી વર્તમાનને પણ માણવા દેતી નથી, અને આપણાં દુઃખોનું મોટામાં મોટું કારણ છે, જેમ કે મારી સંપત્તિનો કોઈ વારસદાર નથી! છે તો યોગ્ય નથી! મેં મહેનત કરી અને કોઈ શું કામ વાપરે! એ યોગ્ય રીતે વાપરશે નહીં! બધું જ મોજ શોખમાં ઉડાવી દેશે! મેં મારા જીવનના વર્ષો ઘસી નાખ્યા ત્યારે આટલું નાણું એકઠું થયું! અને હવે એ લોકો સાવ બેફિકરાઈથી ઉડાવે છે! મહેનત વગર નાણાની કિંમત થઈ શકે નહીં! વૈશ્વિક મંદીનાં ભણકારાનો લેખ લખાયો હતો, એમાં લિવિંગ વિથ લેસ વિશેની વાત કરવામાં આવી હતી, અને એ જ આપણને ચકલી જેવા હળવા ફૂલ જેવા રાખી શકે એમ છે. આપણી વાર્તા મુજબ એક હતો ચકો ને એક હતી ચકી! ચકો લાવ્યો મગનો દાણો અને ચકી લાવી ચોખાનો દાણો! ભેગા મળીને ચીખડી રાંધી! આમ જુઓ તો આ વાર્તા નાનપણમાં આપણા બાળકોને કરવાનું કારણ ગૃહસ્થિનો પાયો નાખવો, એ પણ છે. એટલે કે ચકો અને ચકી બંને જણાં ભેગા મળીને કામ કરે તો જ ઘર સંસાર ચાલે, અને ખીચડી એટલે કે જે બધી જ રીતે સરળતાથી ઉપલબ્ધ થઈ જાય એવું ખાણું ખાવું, એટલે કે ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવવું એવો પણ એક સંકેત છે. તો વિશ્વ ચકલી દિવસે ચકલી નામની પ્રજાતિ ને બચાવવા માટે આપણે જે કંઈ કરી શકીએ, તે તો કરવાનું જ છે. પરંતુ સાથોસાથ એ નાનકડી એવી ચકલીના જીવનથી પ્રેરાઈને એની જેમ હળવા ફૂલ બની અને ઉપર ઉઠવાની પણ કોશિશ કરવાની છે. વિજ્ઞાન વિકાસને નામે આપણે ખૂબ ઊંચે સુધી ઉડ્યા, અને આજે તો હવે આકાશમાં કેટલાય મોટા મોટા પ્લેન પણ ઉડે છે! પરંતુ આપણા વિકાસમાં આપણે ઈશ્વરે જેના સંરક્ષણની જવાબદારી આપણી પર નાખી હતી, એવા આપણી આસપાસના પર્યાવરણનું સંરક્ષણ કરવાનું ચૂકી ગયાં, અને એને કારણે આ ચકલીઓ જેવી નાની નાની કેટલી એ જાતિ પ્રજાતિઓ હવે દેખાતી બંધ થવા લાગી છે, ત્યારે એમને બચાવવા એ જ આપણા જીવનનું સૌથી મહત્વનું કાર્ય છે, એમ સમજી એ દિશામાં આગળ વધી શકીએ! તો સાચાં અર્થમાં નાનપણમાં ચકા ચકીએ જે મનોરંજન પૂરું પાડ્યું હતું એનું ઋણ ચૂકવ્યું કહેવાશે. જય હિન્દ.

**રામજી ખૂબ સરળ હતા, સજ્જન સાથે સરળ અને દુર્જન સાથે પણ તેઓ સરળ બને છે, રામરાજ્યમાં પ્રજા બહુ જ સુખી છે**

# રામનો પ્રત્યેક સદગુણ જીવનમાં ઉતારવો એ જ રામની સાચી સેવા છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સ્વધર્મની મર્યાદાનું પાલન કરનાર માનવી સુખી થાય છે, રામજી કદી એવું માનતા નથી કે હું સ્વતંત્ર છું, શ્રી રામ સદા પોતાને ધર્મ પરતંત્ર માને છે એટલે રામનો પ્રત્યેક સદગુણ જીવનમાં ઉતારવો એ જ રામની સાચી સેવા છે**

અલ્યા રોમના નામે અપથરાએ તરી જાય એવું હાંભળ્યું તું પણ હવે તો આખેઆખી.. બુરા ન માનો હોલી હૈ..રંગ બરસે ભીગે ચુનરવાલી, રંગ બરસે, અરસે કૈને મારી પિચકારી તોરી ભીગી અંગિયાઓ રંગ રસિયા રંગરસિયા, હો રંગ બરસે ભીગે ચુનાર વાલી, રંગ બરસે.. સોને કી થાલી મેં જોના પરોસા છે સોને કી થાલી મેં જોના પરોસા હાં,સોને કી થાલી મેં જોના પરોસા છે, ખાયે ગૌરી કા યાર બલમ તરસે રંગ બરસે હોળી હૈ!!! ઓ, રંગ બરસે ભીગે ચુનાર વાલી, રંગ બરસેપલૌંગા ઈલાઈચી કા, અર લૌંગા ઈલાઈચી કા લૌંગા ઈલાચી કા?હાન અર લૌંગા ઈલાચી કા બીડા લગાયા હાં,લૌંગા ઈલાચી કા બીડા લગાયા ચબે ગૌરી કા યાર, બલમ તરસે હોળી હૈ!!! ધર્મ મર્યાદા પાળવાથી શું થવાનું છે, એવું કેટલાક લોકો કહે છે કે, પણ જ્ઞાની પુરુષોને પણ જ્ઞાનની ચરમકક્ષાએ પહોંચ્યા પછી ધર્મની મર્યાદાની જરૂર રહેતી નથી. છતાં યે લોકોને ધર્મ મર્યાદાનો બોધ આપવા તેઓ હંમેશાં મર્યાદાનું પાલન કરે છે. સ્વધર્મની મર્યાદાનું પાલન કરનાર માનવી સુખી થાય છે. રામજી કદી એવું માનતા નથી કે હું સ્વતંત્ર છું. શ્રી રામ સદા પોતાને ધર્મ પરતંત્ર માને છે એટલે રામનો પ્રત્યેક સદગુણ જીવનમાં ઉતારવો એ જ રામની સાચી સેવા છે.રામજી ખૂબ સરળ હતા. સજ્જન સાથે સરળ અને દુર્જન સાથે પણ તેઓ સરળ બને છે. રામરાજ્યમાં પ્રજા બહુ જ સુખી છે. રામજી બધાની ચિંતા રાખે છે. એક વારે એવું બને છે કે, એક ઘોબી સીતાજીની નિંદા કરે છે. આ સાંભળી રામજી લક્ષ્મણને કહે છે કે, લક્ષ્મણ, લોકો ગમે તેમ બોલે તે મને પસંદ નથી. લોકોને એવું બોલવા કારણ ન દેવુંજોઈએ માટે લોકાચારનું પાલન કરવું એ મારી ફરજ છે. એટલે તું સીતાજીને રથમાં બેસાડીને વનમાં મૂકી આય. લક્ષ્મણને આ ગમતું નથી. જ્ઞાની થવું સહેલું છે, યોગી થવું પણ સહેલું છે, પણ સેવક થવું સૌથી કઠણ છે. નહીં ગમતું કામ પણ સેવકે પ્રસન્ન મનથી કરવું પડે છે. લક્ષ્મણજીને સીતાજીને વનમાં ત્યાગ કરવાનું કામ ગમતું નથી. છતાં એમને એ કરવું પડે છે. લક્ષ્મણજી સીતાજીને વનમાં છોડી આવે છે. રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો. છતાં સીતાજીનાં મનમાં રામજી માટે જરા પણ કુભાવ નહોતો. રામજીની સેવા કોણ કરશે એની જ તેઓ તો ત્યારે પણ ચિંતા કરતાં હતાં. સીતાજી વાલ્મીકિના આશ્રમમાં જાય છે, ત્યાં લવ-કુશનો જન્મ થાય છે. ભાગવતની રચના ગંગાકિનારે થઈ છે અને રામાયણની રચના તમસા નદીના પવિત્ર કિનારે થઈ છે. રામરાજ્યમાં પ્રજાને આટલું સુખ હતું, છતાં પ્રજાએ રામસીતાના સુખનો જરા થ વિચાર નથી કર્યો. એક માત્ર વસિષ્ઠજીને આ બધું જોઈ દુઃખ થતું હતું. એટલે એમણે રામજીને સીતાજીને પાછાંબોલાવી લાવવા આગ્રહ કર્યો હતો, પણ રામજીએ તેમ કરવાની ના પાડી, ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે, તમને યજ્ઞનો અધિકાર નથી. યજ્ઞમાં ધર્મપત્નીની હાજરી સાથે જોઈએ. ત્યારે રામજીએ સીતાજી ની સુવર્ણ પ્રતિમા બનાવીને યજ્ઞમાં પોતાની પડખે બેસાડી. રામજીના યજ્ઞમાં વાલ્મીકિજીને પણ આમંત્રણ હતું.એટલે લવકુશ ની સાથે તેઓ પણ આવ્યા હતા. લવકુશે રામકથા કરી હતી. રામજી જમીન ઉપર બેસીને કથા સાંભળતા હતા. રામજીએ મર્યાદાનું કથામાં પણ પાલન કર્યું હતું. લવકુશને જોઈને રામજીને બહુ પ્રેમ થાય છે અને વસ્ત્ર-ઉપહાર આપવા તૈયાર થાય છે, ત્યારે લવકુશ કહે છે કે, અમારા ગુરુની આજ્ઞા છે કે, અમે ઋષિ બાળકો છીએ. અમારાથી ગૃહસ્થનો કોઈ જ ઉપહાર લેવાય નહીં. રામજીને લવકુશનો પરિચય જાણવાની ઈચ્છા થાય છે, ત્યારે લવકુશ કહે છે કે, અમે વાલ્મીકિના શિષ્યો છીએ એથી વધુ પરિચય આપ વો એ ઋષિબાળકની મર્યાદાની બહારની વાત છે. અમારાથી અમારા માતા પિતા કે ઘરનો પરિચય ન અપાય. રામજીને સમગ્ર રામાયણ સાંભળવાની ઈચ્છા છે. પણ લવકુશ કહે છે કે, અમારા ગુરુની આજ્ઞા છે કે, રાજ્યાભિષેક સુધી ની જ કથા કહેવી. એટલે આગળ અમે નહીં કહી શકીએ. આશ્રમમાં આવીને લવકુશ સીતા જીને કહે છે કે, મા, આજે અમે એક મોટા રાજાની સભામાં ગયા હતા. એમનું નામ રામ છે. એમની બાજુમાં તારા જ જેવી એક સોના ની મૂર્તિ હતી.સીતાજીને એ જાણી ને આનંદ થાય છે કે, રામે મારો ત્યાગ નથી કર્યો. રામજીએ સીતાનો ત્યાગ કર્યો નથી, પણ એક રાજાએ પ્રજાને શુદ્ધ ચારિત્ર્યનો આદર્શ આપ વા એક રાણીનો ત્યાગ કર્યો હતો. જીવ જ્યારે કંઈ આપે છે, ત્યારે પોતાને માટે રાખીને આપે છે. પણ શ્રીરામ આપે છે ત્યારે પોતાનું સર્વસ્વ આપે છે એમ એમણે પોતાનું સર્વસ્વ પ્રજાહિતાર્થે દઈ દીધું હતું. મહર્ષિ વાલ્મીકિએ અયોધ્યાની પ્રજાને ઠપકો આપ્યો છે અને કહ્યું કે,જેમણે તમારા સુખ માટે આટલું કર્યું, એ રામ અને સીતાજી માટે તમને જરાય દુઃખ નથી થતું! શ્રી રામને એકલા અયોધ્યાના રાજ મહેલમાં રહેવું પડે અને સીતાજીને મારા આશ્રમમાં એ ક્યાંનો ન્યાય છે? વાલ્મીકિ સીતાજીને કહે છે કે, બેટા, એક વખત તું મારી સાથે રામજીના દરબારમાં આવશે? તને રામજી ખૂબ યાદ કરે છે.અને રાજસભામાં જવાનો દિવસ પણ નક્કી થયો અને એ વાલ્મીકિ સીતાજીને લઈ ને અયોધ્યાની રાજ સભામાં આવ્યા.સીતાજીની નજર જમીન ઉપર સ્થિર હતી. અયોધ્યાની પ્રજા સીતાજીનાં દર્શન કરે છે અને જયજયકાર કરે છે. ત્યારે સીતાજી કહે છે, મેં જો રામ સિવાય સ્વપ્ને પણ કદી બીજા કોઈનો વિચાર ન કર્યો હોય અને પતિવ્રતા ધર્મ પૂરેપૂરો પાળ્યો હોય તો હે ધરતીમાતા, મને તમે તમારી ગોદમાં લઈ લો! અને એ જ ક્ષણે ધરતીમાતા સીતાજીને પોતાનામાં સમાવી લે છે. આમ સીતાજી ધરતીમાંથી પ્રગટ થયાં હતાં અને ધરતીમાં જ સમાઈ ગયાં હતાં. એક વખત વસિષ્ઠ હનુમાનજીને પૂછે છે કે, ખરેખર તમે કોણ છો? હનુમાનજી કહે છે દેહબુદ્ધિથી હું રામનો દાસ છું જીવ બુદ્ધિથી હું રામનો અંશ છું એક દ્રષ્ટિએ હું અને રામ એક છીએ. મારામાં અને રામમાં ભેદ નથી!સમજનો અંશ છે એક ખરેખર ભક્ત અને ભગવાન એક જ છે. બ્રહ્મને જાણનારો બથથી અલગ આ શકતો જે બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ બને છે. નથી. રામાયણની કથા કરુણરસ પ્રધાન છે. બાળકાંડ સિવાય બધા કાંડમાં સુછન છે. રામ સિવાય બીજે આરામ ખોળે છે તે આરામને બદલે માત્ર ઉપાધિ મેળવે છે. એટલા માટે ભૂતત રામનું ચિંતન કરવું. રામાયણમાં વાલ્મીકિએ કેવા કેવા આદર્શ સમાજ સાથેણ મૂકયાણ અન વિચાર કરો. રામાયણમાં એક પાત્ર આદર્શ છે. પિતા આદર્શ, માતા આદર્શ, પતિ આદર્શ, પત્નીઆદર્શ,ભાઈઆદર્શ, ગુરુ આદર્શ, પુત્ર આદર્શ અને શત્રુ પણ આદર્શ રાવણજેવો શત્રુ ક્યાં મળે! રામનું સામર્થ્ય અને રામની દૈવી શક્તિએ જાણે છે અને એને વખત આવ્યે બિરદાવે છે. એ કંઈ જેવો તેવો દુશ્મન ન ગણાય. એ બતાવે છે કે, મનુષ્ય કાલાધીન છે, બધી ઈશ્વરની જ લીલા છે. સ્વભાવા ધીન છે.

## ઘરની બહાર સૂતાં સૂતાં આવ્યો જોરદાર બિઝનેસ પ્લાન



દુનિયામાં બધા લોકો અલગ-અલગ વિચારસરણી ધરાવતા હોય છે. ઘણા લોકો શહેરી જીવનમાં પોતાની આગવી ઓળખ ઉભી કરવા માંગતા હોય છે. તો ઘણા લોકો એવા હોય છે જેઓ શાંતિમાં જીવન ગુજારવા માંગે છે. ત્યારે જો તમને એવી કોઈ ટ્રિક મળી જાય, જે તમને શાંતિ પણ આપે અને સારી કમાણી પણ થાય તો! આવું જ કાંઈક થયું છે પીટર નામના યુવક સાથે. પીટર નામના યુવકને ઘરની બહાર સુવાના શોખથી એક આઈડિયા આવ્યો અને તે આઈડિયા હિટ થઈ ગયો. હાલ તેઓ આ આઇડિયાની મદદથી ઘરે બેઠાં લાખોની કમાણી કરી રહ્યા છે. એટલું જ નહીં આ કમાણી થવાને કારણે તેમણે પોતાની નોકરી પણ છોડી દીધી છે. રિપોર્ટ અનુસાર, પીટર બહુથે પોતાના બાળપણની આદતને યાદ કરીને એક એવો બિઝનેસ આઈડિયા વિચાર્યો, જે તેના માટે હિટ સાબિત થયો છે. પીટર બહુથ અમેરિકાના જ્યોર્જિયા પ્રાંતમાં એટલાન્ટા પાસે રહે છે. તેમનું કહેવું છે કે, બાળપણમાં જ્યારે તેઓ પોતાના દાદાજીને ત્યાં જતા હતા, તો તેમને ઘરની બહાર સૂવું ખૂબ જ પસંદ હતું. તો હવે જ્યારે તેમણે એટલાન્ટામાં ઘર ખરીદ્યું છે, તો તેની પાસે રહેલા વૃક્ષો જોઈને તેમને ટ્રી હાઉસ બનાવવાનો વિચાર આવ્યો. તેમણે જમીનના માલિકને મનાવીને જમીન ખરીદી લીધી અને ૮ ફૂટનું નાનું ટ્રી હાઉસ બનાવી લીધું. ધીમે ધીમે તેમણે તેમણે ૩ બેડરૂમનું ટ્રી હાઉસ બનાવી લીધું. જોકે, તેમણે ક્યારેય નહોતું વિચાર્યું કે કોઈ તેને ખરીદવા કે રેન્ટ પર રહેવા માંગશે. ત્યારે ૨૪ વર્ષ પહેલાં તેમણે બનાવેલા આ ટ્રી હાઉસથી એટલી કમાણી થવા લાગી છે કે, તેમણે નોકરી છોડી દીધી છે. હવે તેઓ શાંતિથી જંગલના આ ટ્રી હાઉસ પાસે જ રહે છે. તેમણે લોકોને આ ટ્રી હાઉસ ભાડે આપવા માટે ૩૧ હજાર પ્રતિ રાત રેટ રાખ્યો છે. લોકો અહીં ખુશીથી રહેવા આવે છે. ઘરની અંદર સુંદર અને જૂનું ફર્નિચર પણ છે. આ ઘરમાં એરકંડિશનરની પણ જરૂર નથી પડતી. આમ તેઓ ટ્રી હાઉસની મદદથી લાખોની કમાણી કરી રહ્યા છે અને લોકો તેને ૫ સ્ટાર રીવ્યુ પણ આપી રહ્યા છે.

# પાર્ટનરની ઓનલાઇન જાસૂસી કરવામાં ભારત દુનિયામાં ત્રીજા નંબર પર છે

**પતિ-પત્ની સિવાય વર્તમાન કે ભૂતપૂર્વ પાર્ટનર્સ સ્ટોકરવેર એપ દ્વારા ઓનલાઇન એકબીજાની જાસૂસી કરી રહ્યા છે**


પાર્ટનરની ઓનલાઈન જાસૂસીના મામલે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. પતિ-પત્ની સિવાય વર્તમાન કે ભૂતપૂર્વ પ ાર્ટનર્સ 'સ્ટોકરવેર' એપ દ્વારા ઓનલાઈન એકબીજાની જાસૂસી કરી રહ્યા છે. ભારતમાં ૨,૪૯૨ મોબાઈલ યુઝર તેનો શિકાર જોવા મળ્યા હતા. રિપોર્ટમાં એ પણ જાણવા મળ્યું છે કે વિશ્વભરના ૨૩ ટકા લોકો માને છે કે જ્યારે તેમના પાર્ટનરે સંબંધો બગડવા પર બેવફાઈ સાબિત કરવા માટે તેમની ઓનલાઈન જાસૂસી કરાવી હતી. સાઈબર સિક્યોરિટી કંપની કેસ્પરસ્કી દ્વારા બહાર પાડવામાં આવેલ 'સ્ટેટ ઓફ સ્ટોકરવેર રિપોર્ટ ૨૦૨૩' અનુસાર, ભારતમાં ૨,૪૯૨ મોબાઈલ યુઝર્સ સ્ટોકરવેરથી પીડિત છે. રશિયા ૯,૮૯૦ પ ીડિતો સાથે પ્રથમ અને બ્રાઝિલ ૪,૧૮૬ સાથે બીજા ક્રમે છે. સર્વેમાં સામેલ ૪૦ ટકા લોકોએ સ્વીકાર્યું કે તેઓ ઓનલાઈન હેરેસમેન્ટનો ભોગ બન્યા છે. નિષ્ણાતોના મતે, સ્ટોકરવેરથી બચવા માટે પહેલા તે એપ્સને દૂર કરો જે ઉપયોગમાં નથી. તેની સાથે સિક્યોરિટી સોફ્ટવેરનો ઉપયોગ કરી શકાય છે. આ સિવાય ફેક્ટરી રીસેટ વિકલ્પ પણ ઉપયોગી



થઈ શકે છે. જો કે, સૌ પ્રથમ સ્થાનિક સાઈબર ક્રાઈમ સંસ્થાની મદદ લેવી જોઈએ. આવા જોખમથી બચવા માટે ફોનને હંમેશા યુનિક પાસવર્ડથી લોક રાખો અને તેને કોઈની સાથે શેર ન કરો. કોઈપણ એપને હંમેશા સત્તાવાર સ્ત્રોતમાંથી જ ડાઉનલોડ કરો. નોંધનીય છે કે ડિજિટલ હિંસા એ વિશ્વમાં એક નવો ટ્રેન્ડ છે, જેમાં મહિલાઓને શારીરિક, માનસિક અથવા સામાજિક નુકસાન પહોંચાડવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે., એન્ટી થેફ્ટ, પેરેંટલ કંટ્રોલ એપ્લિકેશન અથવા અન્ય કોઈપણ એપ્લિકેશન દ્વારા ફોનમાં સ્ટોકરવેર એપ્લિકેશન ગુપ્ત રીતે ઈન્સ્ટોલ કરવામાં આવે છે. તેના દ્વારા તેઓ ફોનના નોટિફિકેશન, લોકેશન, ફોટો, કેમેરા સ્ક્રીનશોટ, એસએમએસ, કેલેન્ડર અને સોશિયલ મીડિયા એકાઉન્ટ પર નજર રાખે છે.

## લાંબો ઘૂંઘટ તાણીને પરીક્ષા આપવા પહોંચ્યા દાદી

મધ્યપ્રદેશના દમોહ જિલ્લામાં ૧૨૦૯ કેન્દ્રો પર નવી સાક્ષર પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા સવારે ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ચાલી હતી. આ પરીક્ષામાં ૧૫ વર્ષથી લઈને ૯૫ વર્ષની વયના લોકોએ ભાગ લીધો હતો. પરીક્ષાખંડમાં જે દૃશ્યો સર્જાયા એ જોવા જેવા હતા. પરીક્ષા દરમિયાન, કેટલીક મહિલાઓ સલવાર સૂટમાં અને કેટલીક તેમના માથા પર દુપટ્ટા સાથે પ્રશ્નપત્ર લખતી જોવા મળી હતી. ઘણી મહિલાઓ સાડી અને લાંબો બુરખો પહેરીને પરીક્ષા આપવા આવી હતી. ઘણી મહિલાઓ તેમના પતિ સાથે પહોંચી હતી જ્યારે કેટલાકના પતિ પણ તેમની સાથે રૂમમાં બેસીને પરીક્ષા આપતા જોવા મળ્યા



હતા. ડીપીસી મુકેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, નવી સાક્ષર પરીક્ષા દ્વારા ગ્રામ્ય વિસ્તારના પુરૂષો, મહિલાઓ અને વૃદ્ધોને સાક્ષર બનાવવામાં આવી રહ્યા છે. પરીક્ષામાં કુલ ૧૫૦ ગુણનું પ્રશ્નપત્ર હોય છે, જેમાં ૫૦ ગુણ વાંચન માટે, ૫૦ ગુણ લેખન માટે અને ૫૦ ગુણ સંખ્યાત્મક જ્ઞાન માટે હોય છે. પાસ થવા માટે માત્ર ૪૫ માર્કસ નક્કી કરવામાં આવ્યા છે. ૪૫૦ માર્કસ મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં પાસ થવાનું પ્રમાણપત્ર આપવામાં આવશે. વર્ષ ૨૦૨૭ સુધીમાં કોઈ પણ વ્યક્તિ નિરક્ષર ન રહે તે માટે નવી સાક્ષર પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સિંધી કેમ્પ મિડલ સ્કૂલ, દમોહમાં અભ્યાસ કરતા ચંદ્રાવતી ગુપ્તા (૪૮), રીટા અહિરવાર (૩૫) અને ગેંડા અહિરવાર (૨૫) ત્રણેય તેમના ઘરના કામકાજ છોડીને પરીક્ષા કેન્દ્ર પહોંચ્યા હતા. તેણે નિયમ મુજબ પરીક્ષા આપી હતી. પરીક્ષા આપ્યા બાદ મહિલાઓએ કહ્યું હતું કે, એ સમયે પરિસ્થિતિ સારી ન હતી. તે સમયે ગામમાં છોકરીઓને વધારે ભણાવા દેવામાં ન હતી આવતી. જેથી તેઓને બાળપણમાં શાળાએ જવાનો મોકો મળ્યો ન હતો.

## વિસરાઈ રહી છે ગાયને રોટલી ખવડાવવાની પરંપરા

હિંદુ સનાતન ધર્મમાં ગાયને પૂંજનીય ગણવામાં આવે છે. ગાયને ઘાસચારો ખવડાવવાથી ઘરની બધી જ સમસ્યાઓ દૂર થઈ જાય છે અને ઘરમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. આમ ગાયની સેવાથી અખંડ પુણ્યની પણ પ્રાપ્તિ થાય છે. પ્રાચીનકાળથી ગાયને રોટલી ખવડાવવાની પણ પરંપરા ચાલતી આવી છે. દરેક ગૃહિણી રોટલી બનાવતી વખતે એક રોટલી ગાય માટે અલગથી રાખે છે. પરંતુ આ પરંપરાને આજની યુવાપેઢી ભૂલી રહી છે. જે અંગે જાગૃતિ લાવવા માટે નવસારીની એક યુવતી કાર્ય કરી રહી છે. ગાયમાતાને રોટલી આપવાની પરંપરા વિસરાઈ રહી છે. આ પરંપરાને જીવંત રાખવા માટે નવસારીની પ્રિતિ શાહ નામની યુવતીએ 'પહેલી રોટી ગાય કી' અભિયાન શરૂ કર્યું છે. પ્રિતિના આ અભિયાનને સમગ્ર નવસારી જિલ્લા સહિત આજુબાજુના તમામ જિલ્લાઓમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રિતિબેનના આ અભિયાનને આગળ ધપાવવા માટે ૬૦ થી ૭૦ કાર્યકર્તાઓની ટીમે કરી રહી છે. પ્રિતિબેનની ટીમ અઠવાડિયામાં એક દિવસ જિલ્લાની તમામ શાળાઓમાં જઈને રોટલી લઈ આવે છે. શાળાના વિદ્યાર્થીઓ પોતાના લંચબોક્સમાં એક રોટલી ગાયમાતા માટે લઈ આવે છે. આ રીતે ભેગી થતી રોટલીઓને નવસારી શહેરમાં રખડતી અથવા પાંજરાપોળમાં રહેલી ગાયોને ખવડાવવામાં આવે છે. નવસારી જિલ્લાની અંદાજિત ૬૦ શાળાઓમાંથી આ પ્રોજેક્ટ હેઠળ રોટલી ઉઘરાવીને ખવડાવવામાં આવે છે. નવસારી ઉપરાંત વલસાડ, વાપી, સુરત, વ્યારામાં પણ 'એક રોટી ગાય કી'



અભિયાન ચાલી રહ્યું છે. પ્રિતિબેને જણાવ્યું કે, પહેલાંના સમયમાં જ્યારે રસોઈ બનાવવામાં આવતી ત્યારે પહેલી રોટલી ગાય માતા માટે અને છેલ્લી રોટલી શ્વાન માટે બનાવવામાં આવતી હતી. પરંતુ આજે આ પરંપરા વિસરાઈ રહી છે. હું અને મારી ટીમ આ પરંપરાને જીવંત રાખવા માટે 'પહેલી રોટી ગાય કી' અભિયાન ચલાવી રહ્યા છીએ. આવનારા દિવસોમાં સમગ્ર ગુજરાતમાં આ અભિયાનની શરૂઆત થાય એ માટે મારી ટીમ સતત પ્રયત્ન કરી રહી છે. અમારી આ પ્રવૃત્તિને તમામ સમાજના આગેવાનો દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પૌરાણિક ધર્મ ગ્રંથો પ્રમાણે ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ માનવામાં આવે છે. જ્યારે પણ કોઈ વ્યક્તિ ગાયને અન્ન ખવડાવે છે તો તે દરેક દેવી-દેવતાઓને સમર્પિત થઈ જાય છે. જેને પામીને દરેક દેવી-દેવતાઓ પ્રસન્ન થાય છે. માત્ર ગાયને ખાવાનું ખવડાવવાથી દરેક દેવી-દેવતાઓની પૂજા અર્ચના થઈ જાય છે અને તેમના આશીર્વાદ પણ પ્રાપ્ત થાય છે. આ જ કારણ છે કે ગાયને પહેલી રોટલી ખવડાવવાની પરંપરા સૃષ્ટિના આરંભથી જ ચાલતી આવી છે.

BOLLYWOOD
NEWS FLASH

## ગુડગાંવમાં નજીકના દોસ્તો અને પરિવારની વચ્ચે લગ્નના બંધનમાં બંધાયા




પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાએ લગ્નની મસ્ત તસવીરો શેર કર્યા પછી સંગીત સેરેમનીની કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. સોશિયલ મિડીયામાં પુલકિત-કૃતિની સંગીત પાર્ટીની તસવીરો વાયરલ થઈ રહી છે. આ બોલિવૂડ સ્ટાર કપલે માનેસરમાં પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યા હતા. ફુકરે ૩ સ્ટાર પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાએ લગ્ન બાદ સંગીત પાર્ટીની તસવીરો શેર કરી છે. પુલકિત સમ્રાટની પત્ની કૃતિ ખરબંદાએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં કપલ એકદમ મસ્તીના મુડમાં જોવા મળી રહ્યા છે. પુલકિત એક્ટ્રેસની સાથે મસ્ત અંદાજમાં ડાન્સ કરતા-કરતા પ્રેમભરી નજરોથી જુએ છે. આ સાથે ડાન્સ કરતા પણ જોઈ શકાય છે. આ સાથે કૃતિ ઢોલ પર બેસીને મસ્ત અંદાજમાં ડાન્સ કરી રહી છે. આ તસવીરોએ લોકોનું દિલ જીતી લીધુ છે. તસવીરોમાં તમે જોઈ શકો છો કે કપલ એકબીજાના પ્રેમમાં ડુબેલા છે. આ તસવીરો શેર કરતા કૃતિએ લખ્યુ છે કે અમારા લગ્નની ખાસ પળમાં સંગીતનો સમાવેશ થાય છે. પૂરો પરિવાર એક સાથે લગ્નના જશ્નમાં ડુબેલો હતો. સમ્રાટ અને ખરબંદાની ટીમ પરફેક્ટ હતી. કૃતિ ખરબંદાએ સંગીત પાર્ટીમાં બ્લુ કલરના મસ્ત આઉટફિટ પહેર્યા હતા. આ સાથે એક્ટર પુલકિતે બ્લેક કલરનો ડિઝાઈનર સૂટ પહેર્યો હતો. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાની લગ્નની તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાએ ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ ગુડગાંવમાં નજીકના દોસ્તો અને પરિવારની વચ્ચે લગ્નના બંધનમાં બંધાયા છે. જાન્યુઆરીમાં પુલકિત અને કૃતિના એન્ગેજમેન્ટની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. તેને ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે શેર કરી હતી. પુલકિતે આ ફોટોને પોતાની સ્ટોરી પર પણ શેર કરી હતી. આ તસવીરોમાં કપલના હાથમાં રિંગ જોવા મળી હતી. પરંતુ બંનેએ આ સમાચારને ઓફિશિયલી કન્ફર્મ કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે પુલકિત સમ્રાટના આ બીજા લગ્ન છે. આ પહેલાં વર્ષ ૨૦૧૪માં શ્વેતા રોહિરા સાથે પુલકિતે લગ્ન કર્યા હતા, જેમને વર્ષ ૨૦૧૫માં તલાક લીધા હતા.

## માતા પાર્વતીના રોલથી ફેમસ થયેલી એક્ટ્રેસ સોનારિકા

ટીવી શો દેવો કે દેવ મહાદેવમાં માતા પાર્વતીનો રોલ નિભાવીને ઘરે-ઘેર ફેમસ થયેલી એક્ટ્રેસ સોનારિકા ભદોરિયાએ બોયફ્રેન્ડ વિકાસ પારાશર સાથે લગ્ન કર્યા છે. આ દિવસોમાં લગ્નની તસવીરો વાયરલ થઈ રહી છે. જો કે હાલમાં એક્ટ્રેસે પતિ વિકાસ સાથે વન મંથ વેડિંગ એનિવર્સરી સેલિબ્રેટ કરી છે. આ દરમિયાન તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. આ વચ્ચે સોનારિકા ભદોરિયાની કેટલીક તસવીરો વાયરલ થઈ રહી છે જેમાં એનો બોલ્ડ અવતાર જોવા મળી રહ્યો છે. ટીવીની પાર્વતી સોનારિકા ભદોરિયાએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને અપ ડેટ કરતા કેટલીક તસવીરો શેર કરી છે જેમાં એનો સુપર બોલ્ડ અંદાજ જોવા મળી રહ્યો છે. આ તસવીરો ઈન્ટરનેટ પર ધડાધડ વાયરલ થઈ રહી છે. સામે આવેલી તસવીરોમાં એક્ટ્રેસનો ગ્લેમરસ લુક જોવા મળી રહ્યો છે. આ તસવીરોમાં સોનારિકા



ઓરેન્જ ટોપ અને વ્હાઈટ લૂઝ પેન્ટમાં જોવા મળી રહી છે. લેટેસ્ટ ફોટોશૂટમાં સોનારિકાએ કેમરાની સામે એવા પોઝ આપ્યા છે કે જે દરેક લોકો જોતા રહી જાય. એકથી એક હોટ તસવીરો વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં સોનારિકા એકથી એક હોટ પોઝ આપી રહી છે. સોનારિકાએ ઓરેન્જ ટોપ અને વ્હાઈટ લૂઝ પેન્ટની સાથે પોતાનો લુક કમ્પ્લીટ કરવા માટે વાળ ખુલ્લા રાખ્યા છે. આ સાથે ગોગલ્સ પહેર્યા છે અને ગળામાં મંગળસૂત્ર પણ પહેર્યુ છે. ગળાની એસેસરીઝ એક્ટ્રેસના લુકમાં ચાર ચાંદ લગાવે છે. ટીવીની પાર્વતી સોનારિકા



અને વિકાસ પારાશરની જોડી મસ્ત લાગી રહી છે. આમ, તમને જણાવી દઈએ કે સોનારિકા ભદોરિયા રિયલ લાઈફમાં ઘણી બોલ્ડ છે. આ વાતની જાણ તમે આ તસવીરો જોઈને કરી શકો છો. તમને જણાવી દઈએ કે સોનારિકાએ રણથંભોરમાં વિકાસ પારાશરની સાથે સાત ફેરા લીધા છે. ઉલ્લેખનીય છે કે સોનારિકા ભદોરિયાએ વર્ષ ૨૦૨૨માં એના લોન્ગટાઈમ બોયફ્રેન્ડ વિકાસ પારાશર સાથે સગાઈ કરી હતી. દેવો કે દેવ મહાદેવ પછી સોનારિકા ઘર-ઘરમાં ફેમસ થઈ ગઈ છે. હાલમાં ટેલિવિઝન જગતનો જાણીતો ચહેરો બની ગઈ છે.

### અંકિતા લોખંડેની મુવી આવતાં જ સાસુમાના બદલ્યા સુર

## રંજના એ કહ્યું અમારી વહુ A1 છે, યુઝર્સ થયા નારાજ



ટીવી એક્ટ્રેસ અંકિતા લોખંડે અને તેના બોયફ્રેન્ડ વિકી જૈને 'બિગ બોસ ૧૭'માં ઘણી ચર્ચા બનાવી હતી. જો કે આ સિઝનમાં વિકીની માતા એટલે કે અંકિતાની સાસુ રંજના જૈનને પણ ઘણી લોકપ્રિયતા મળી હતી. શોના એક ખાસ એપિસોડમાં, રંજના જૈન બિગ બોસના ઘરમાં ગઈ હતી જ્યાંથી બહાર આવ્યા બાદ તેણે નેશનલ ટીવી પર પુત્રવધૂ અંકિતા પર કેટલીક તીક્ષ્ણ ટિપ્પણીઓ કરી હતી. આ નિવેદનોથી અભિનેત્રીની સાસુ સમાચારમાં રહી હતી. હાલમાં જ એક વીડિયો સામે આવ્યો છે જેમાં



રંજના જૈન તેની વહુના ખૂબ વખાણ કરતી જોવા મળી રહી છે. પુત્રવધૂ પ્રત્યેનો તેમનો મૂડ ઘણો બદલાયેલો જણાય છે. ખરેખર અંકિતા લોખંડેને 'બિગ બોસ ૧૭'માંથી બહાર નીકળતાં જ રણદીપ હુડ્ડા સાથે મોટી ફિલ્મમાં કામ કરવાની તક મળી ગઈ છે. તે 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મમાં તે યમુનાબાઈ સાવરકરની ભૂમિકામાં છે. હાલમાં જ મુંબઈમાં ફિલ્મનો પ્રીમિયર યોજાયો હતો, જ્યાં અંકિતા તેના પરિવાર સાથે પહોંચી હતી. બિગ બોસ ૧૭ના સહ સ્પર્ધકો અભિષેક અને ખાનઝાદી પણ તેની સાથે જોવા મળ્યા હતા. આ સમય દરમિયાન અંકિતાની સાસુ રંજના જૈન પણ જોવા મળી હતી, જ્યાં તેમની વહુને લગતા તેમના શબ્દો બદલાતા જોવા મળ્યા હતા. ખરેખર એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. જેમાં રંજના જૈન ફિલ્મના પ્રીમિયર માટે થિયેટરમાં જતી જોવા મળે છે. આ દરમિયાન પાપારાઝી તેને પૂછે છે કે તેને અંકિતાનો અભિનય કેવો લાગ્યો. આના પર રંજના જૈન હસતાં હસતાં તેની વહુના વખાણ કરે છે અને કહે છે, "અંકિતા હંમેશા સારી દેખાય છે. અમારી વહુ એ વન (A1) છે.

## ફિલ્મ સાવરકરના ટિકિટના પૈસા અડધા જ થશે વસૂલ




અભિનેતામાંથી નિર્માતા-નિર્દેશક અને લેખક બનેલા રણદીપ હુડ્ડાની ફિલ્મ સ્વાતંત્ર્યવીર સાવરકરએ ઈતિહાસના તે પાનાઓને વિગતવાર લખવાનો પ્રયાસ છે, જેમના નિર્માતાઓ અનુસાર એક યોજના હેઠળ 'હત્યા' કરવામાં આવી હતી. હૂ કિલ્ડ હિઝ સ્ટોરી ટેગલાઈન સાથે સિનેમાઘરોમાં પહોંચેલી આ ફિલ્મ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના નાયકોમાંના એક વિનાયક દામોદર સાવરકરના જીવન અને સશસ્ત્ર ક્રાંતિની તેમની નીતિઓને દર્શાવે છે. આ ફિલ્મમાં રણદીપ હુડ્ડાએ સાવરકરની ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરાવવા માટે સાવરકર જે વિચાર સાથે આગળ વધી રહ્યા હતા અને તેમના સંગઠનને મજબૂત કરી રહ્યા હતા તે વિશે જણાવે છે. જો તે તેમાં સફળ થયા હોત તો દેશને ઘણા સમય પહેલા આઝાદી મળી ગઈ હોત. સ્વાતંત્ર્યવીર સાવરકર ફિલ્મની વાર્તા પ્લેગની મહામારીથી શરૂ થાય છે. સાવરકરના પિતાને પ્લેગની મહામારીનો ચેપ લાગ્યો હતો. બ્રિટિશ પોલીસ અધિકારીઓ સાવરકરના પિતા સહિત પ્લેગ રોગચાળાથી સંક્રમિત તમામ લોકોને જીવતા સળગાવી દે છે. સાવરકરને નાનપણથી જ અંગ્રેજ શાસન પ્રત્યે નફરત છે. મોટા થયા પછી અભિનવ દેશની આઝાદી માટે ભારત સિક્રેટ સોસાયટી બનાવે છે અને આ સંસ્થામાં તે દેશના યુવાનોને જોડે છે જેઓ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરાવવા માગે છે. તે કાયદાનો અભ્યાસ કરવા લંડન જાય છે અને ત્યાંથી પોતાના સંગઠનને મજબૂત કરવાનો પ્રયાસ કરે છે અને તેના કારણે તેને કાલાપાનીની સજા થાય છે. કાલા પાણીમાં તેની સજા ભોગવ્યા પછી મહાત્મા ગાંધીની હત્યાના કાવતરામાં સામેલ થવા બદલ તેની ધરપકડ કરવામાં આવે છે, પરંતુ પુરાવાના અભાવે તેને છોડી દેવામાં આવે છે. સ્વાતંત્ર્યવીર સાવરકર' ફિલ્મમાં જે સાવરકરના જીવનના ન સાંભળેલા પાસાઓને બતાવવાનો પ્રયાસ કરે છે, એ હકીકત પર ભાર મૂકવામાં આવ્યો છે કે તેઓ ગાંધીજીની અહિંસા વિચારધારાથી બિલકુલ પ્રભાવિત ન હતા. તે ગાંધીજીનો આદર કરે છે પરંતુ તેમની વિચારધારાનો વિરોધ કરે છે. આ ફિલ્મમાં સુભાષચંદ્ર બોઝ અને સાવરકરની વિચારધારાની સાથે એ પણ કહેવામાં આવ્યું હતું.

### જસદણ તાલુકાના ગામમાંથી હૃદયદ્રાવક ઘટના સામે આવી

# રાજકોટમાં ૧૩ વર્ષની રેપ પીડિતાએ બાળકીને જન્મ આપ્યો

### કિશોરી સાથે સંબંધ ધરાવતા ભાઈ અને કાકાએ તેની સાથે રેપ કર્યો હતો

**। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।**

રાજકોટના જસદણ તાલુકાના એક ગામમાંથી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં ૧૩ વર્ષની કિશોરી રેપ પીડિતાએ બાળકને જન્મ આપ્યો હતો. જ્યાં કિશોરીએ બાળકને જન્મ આપ્યો તે ખાનગી ક્લિનિકના ડોક્ટરે નવજાતને બચાવી દીધું. જણાવવામાં આવી રહ્યું છે કે કિશોરી સાથે સંબંધ ધરાવતા ભાઈ અને કાકાએ તેની સાથે રેપ કર્યો હતો.

ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસ સક્રિય થઈ ગઈ હતી અને પોક્સો, માનવ તસ્કરી સહિતની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. પોલીસે આરોપી કાકા અને ડોક્ટરની ધરપકડ કરી લીધી છે, પરંતુ ભાઈ ફરાર છે અને પોલીસ તેને પકડવા પ્રયાસ કરી રહી છે.પીડિતાની માતાએ પોતાની ફરિયાદમાં પોલીસને જણાવ્યું કે લગભગ ૯ મહિના પહેલા તેની ૧૩ વર્ષની સગીર દીકરી પર તેના કાકા અને ૨૦ વર્ષના ભાઈએ બળાત્કાર ગુજાર્યો હતો, જેઓ તેને એકલી જોઈને તેની સાથે સંબંધ બાંધ્યા હતા. જે બાદ તે પ્રેગ્નેટ થઈ ગઈ હતી. બળાત્કાર બાદ આરોપીએ તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેના કારણે તે ડરી ગઈ અને ૯ મહિના પછી તેની પુત્રીના સંતાનનો જન્મ થયો. તેઓને બાળક જોઈતું નહોતું, ત્યારપછી ડોક્ટરે નિઃસંતાન દંપતીને બાળક વેચી દીધું.

આ અંગે ડીવાયએસપી કિશોરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ચાર આરોપીઓ સામે બળાત્કાર સહિતની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ત્રણની ધરપકડ કરવામાં આવી છે, એક ફરાર છે, તેની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. ઘટના બાદ પીડિતા અને તેના પરિવારજનો ભયમાં છે, પોલીસ દ્વારા તેમનું કાઉન્સેલિંગ પણ કરવામાં આવી રહ્યું છે.

### આધાર કાર્ડ, વેરા બિલ, જન્મનો દાખલો નકલી બનાવવામાં ઉપયોગી ફાઈલ જપ્ત કરવામાં આવી

# ડુપ્લીકેટ ડોક્યુમેન્ટ બનાવી, સુરતના કાપોદ્રા વિસ્તારમાં નકલી જન સુવિધા કેન્દ્ર ઝડપાયું

**। (માહિતી) સુરત, તા.૨૩ ।**

કાપોદ્રા ખાતે આવેલી ભગવતી કન્સલ્ટન્સીના નામે બોગસ નાગરિક સુવિધા કેન્દ્રમાં સિટી પ્રાંત અધિકારી અને પોલીસે રેઈડ કરી હતી. અને બોગસ દાખલા અને યોજનાનાં કાર્ડ બનાવી આપનારની સામે ફરિયાદ દાખલ કરવામાં કરી સંચાલકની ધરપકડ કરવામાં આવી હતી. જ્યાંથી પોલીસે આવકના દાખલા, પાનકાર્ડ, આધારકાર્ડ, કોમ્પ્યુટર, હાર્ડ ડિસ્ક સહિતના મહત્વના દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા હતા. પુણા ઝોન ઓફિસ વિસ્તારમાં પુણા ગામ પાસે કિરણ ચોક ભગવતી કૃપા સોસાયટી સ્થિત જલારામ કોમ્પ્લેક્સમાં દુકાન નં.૧માં ભગવતી કન્સલ્ટન્સી નામની દુકાનમાં ડુપ્લિકેટ આધારકાર્ડ બનાવી આપવાની માહિતી સિટી પ્રાંત અધિકારી વિક્રમસિંહ ભંડેરીને મળી હતી. સિટી પ્રાંત અધિકારીએ આ અંગે પુણા મામલતદાર રોશની પટેલ સહિત તેમના નાયબ મામલતદાર અને તલાટીઓને કાર્યવાહીની સૂચના આપી હતી. ત્યાં જઈને ચેક કરતાં ભગવતી કન્સલ્ટન્સી તથા જન સુવિધા કેન્દ્રના નામે દુકાન હતી, જેમાં તમામ પ્રકારની સરકારી યોજનાનાં કાર્ડ અને દાખલા બનાવાતાં હતાં. દુકાનમાં ખાનગી રીતે વોચ રાખી તપાસ કરતાં દુકાનમાં આવતા ગ્રાહકો પાસેથી પૈસા લઈ ડુપ્લિકેટ અલગ અલગ કાર્ડ તથા દાખલા કાઢી આપતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી સ્થાનિક પોલીસના અધિકારીઓની મદદ લઈ ઓપરેશન કરાયું હતું. દુકાનમાં રેઈડ કરતાં અંદર એક વ્યક્તિ બેઠી હતી. તેનું નામ પૂછતાં નિકુંજ ભાવચંદ દુધાત હોવાનું જણાવ્યું હતું. અને પોતે છેલ્લા દોઢ-બે વર્ષથી આ દુકાન ભાડે ચલાવતો હોવાનું અને દુકાનના માલિક હરેશ લુણાગરિયા હોવાનું જણાવ્યું હતું. તેની પાસે ગુમાસ્તાનું લાઈસન્સ પણ ન હતું. રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની પરવાનગી વગર જનસુવિધા કેન્દ્ર ચલાવતો હતો. દુકાનની અંદર તપાસ કરતાં અલગ અલગ યોજનાના લોકોના નામે દાખલા, રાશનકાર્ડ, ફોર્મ પડેલા હતા. પોલીસે આ અંગે ફરિયાદ દાખલ કરી સંચાલક નિકુંજની ધરપકડ કરી હતી. સુરત મનપાનું રાખોલીયા જયશુખભાઈ ભીખુભાઈના નામનું ટેનામેન્ટ લખી બનાવટી નકલ બનાવી હતી. તે અને લેપટોપમાં ડુપ્લિકેટ પ્રમાણપત્રો, દાખલા સિક્કાવાળા અને સહી વગરના વર્ડ ફાઈલમાં બનાવતો હતો. દુકાનમાંથી એક કોમ્પ્યુટર, મંત્રા ડિવાઈઝ, થમ્બ ડિઝ, પ્રિન્ટર, ૧૦ કોરા પીવીસી કાર્ડ, સ્ટેમ્પ, મોબાઈલ ફોન, હિસાબના ચોપડા, ૧૦ આટીઈનાં ફોર્મ, ૨૩ રાશનકાર્ડ, ૪૫ આવકના દાખલા સહિતનો મુદામાલ મળી આવ્યો હતો.

## નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં શ્રીરામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થતા કોટિ કોટિ શ્રદ્ધાળુઓ રામ લલ્લાના દર્શન

**। સંતોષ જોશી બ્યૂરોઈન ચીફ સંતરામપુર, તા.૨૩ ।**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં શ્રીરામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થતા કોટિ કોટિ શ્રદ્ધાળુઓ રામ લલ્લાના દર્શને જવા આતુર બન્યા છે. ત્યારે કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે તેમના મતક્ષેત્ર સંતરામપુર તાલુકાના એન્દ્રા ગામના ડામોર વિનુભાઈ ના સુપુત્ર ડામોર ગોપાલભાઈ વિનુભાઈ અંદાજીત ૧૧૩૦ કિ.મી સાયકલ ચલાવી અયોધ્યા પ્રભુ શ્રી રામ ના દર્શન કરી ૧૮ દિવસે આજે વતન પધાર્યા ત્યારે તેમનું સન્માન કરી તેમની આ સુખમય યાત્રા બદલ અભિનંદન પાઠવ્યા. આ કાર્યક્રમમાં સાથે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, અજયપાલ બાપુ, મૃગરાજ બાપુ દાહોદ લોકસભાના વિસ્તારક સહીત, મહામંત્રી શ્રી, સરપંચશ્રીઓ, પાર્ટીના હોદ્દેદારો, કર્મઠ કાર્યકર્તાઓ અને ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા. ડામોર વિનુભાઈના નિવાસસ્થાને,ડામોર ફળીયા-એન્દ્રા.

## વાસણામાં નશાની હાલતમાં પોલીસકર્મીએ અકસ્માત સર્જ્યો

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદમાં વધુ એક અકસ્માત સર્જાયો છે. જો કે આ વખતે અકસ્માત સર્જનાર બીજુ કોઇ નહીં, પોલીસકર્મી જ હોવાનું સામે આવ્યુ છે. વાસણામાં નશાની હાલતમાં પોલીસકર્મીએ અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે.અકસ્માતમાં પતિ, પત્ની અને બે બાળકો બન્યા રફતારના આતંકનો ભોગ બન્યા છે.

અમદાવાદમાં વધુ એક અકસ્માત સર્જાયો છે. જો કે આ વખતે અકસ્માત સર્જનાર બીજુ કોઇ નહીં, પોલીસકર્મી જ હોવાનું સામે આવ્યુ છે. વાસણામાં નશાની હાલતમાં પોલીસકર્મીએ અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે.અકસ્માતમાં પતિ, પત્ની અને બે બાળકો રફતારના આતંકનો ભોગ બન્યા છે. અમદાવાદના વાસણા વિસ્તારમાં નશામાં ધૂત એક પોલીસ કર્મીએ અકસ્માત સર્જ્યો છે. નશાની હાલતમાં ફૂલ સ્પીડમાં કાર ચલાવીને જઇ રહેલા પોલીસ કર્મીએ બાઇક પર સવાર પરિવારને ટક્કર લગાવી હતી. આ ઘટનામાં પતિ, પત્ની અને બે બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આખો પરિવાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ પોલીસ કર્મચારી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર આવી ગયા હતા અને અકસ્માત સ્થળેથી કાર અને પોલીસ કર્મીની સામગ્ર જપ્ત કરી હતી.પોલીસે આ કર્મચારી કોણ હતો તે દિશામાં તપાસ શરુ કરી છે. એક પ્રત્યક્ષ દર્શીના જણાવ્યા અનુસાર પોલીસ કર્મીએ તેજ રફતારથી કાર ચલાવીને અકસ્માત સર્જ્યો હતો. જે પછી કાર થોડી આગળ આવીને પંચર પડી ગઇ હતી અને પોલીસ કર્મી તેમાંથી ઉતરીને ફરાર થઇ ગયો હતો. કાર પાસેથી પોલીસકર્મચારીનું આઈકાર્ડ, પોકેટ નેમ પ્લેટ, પોલીસ લખેલું બોર્ડ પડ્યુ હતુ. જે પછી ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જે પછી કાર થોડી આગળ આવીને પંચર પડી ગઇ હતી અને પોલીસ કર્મી તેમાંથી ઉતરીને ફરાર થઇ ગયો હતો. કાર પાસેથી પોલીસકર્મચારીનું આઈકાર્ડ, પોકેટ નેમ પ્લેટ, પોલીસ લખેલું બોર્ડ પડ્યુ હતુ.

# દાહોદના ઝાલોદ તાલુકામાં પ્રાથમિક શાળાના નાનકડા ભુલકાઓ તેમજ વસંત મસાલા પ્રોડક્શન હાઉસમાં કામ કરતા કામદારો દ્વારા સ્વીપ હેઠળ કાર્યક્રમ યોજાયો








તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।**

દાહોદ : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે દાહોદ મતવિસ્તારની ચૂંટણી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે. આ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સ્વીપ કાર્યક્રમ હેઠળ ઠેર-ઠેર મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે. સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો કરીને નાગરિકો,યુવાઓ કે મતદારોને ચૂંટણી પ્રક્રિયા અંગે અવગત કરવામાં આવે છે. આ ઉપરાંત કોલેજ અને શાળાના વિધાર્થીઓ પણ ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર બને તે માટે શાળાઓ, શહેરો અને ગામડાઓ, ખેડૂતો, મહિલાઓ અને કિશોરીઓ તેમજ કોલેજો અને યુવાઓમાં મતદાન અંગે જન જાગૃતિના વિવિધ કાર્યક્રમોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત ૧૩૦ ઝાલોદ વિધાનસભા મત વિસ્તારમાં આવેલ ઝાલોદ તાલુકાની ચાટકા પ્રાથમિક શાળા તેમજ કાળાપીપળ પ્રાથમિક શાળાના નાનકડા ભુલકાઓએ મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામાં પોસ્ટર્સ સાથે રેલી યોજી હતી ઉપરાંત વસંત મસાલા પ્રોડક્શન હાઉસમાં કામ કરતા કામદારોને પણ મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મતદાન કરવા માટે ઈ.વી.એમ. (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન), પોસ્ટલ બેલેટ, ચૂંટણીલક્ષી એપ્લીકેશન્સ સહિતની બાબતો અંગેની વિસ્તારપુર્વક સમજ આપી માહિતગાર કર્યા હતા. તેમજ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ ફરજિયાત મતદાન કરવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી.

# ઓરડાની અછતના કારણે વિદ્યાર્થીઓ તંબુમાં ભણવા મજબુર

**। (માહિતી) વઢવાણ, તા.૨૩ ।**

સુરેન્દ્રનગરના વઢવાણ શહેરમાં આવેલા ગણપતી ફાટસર વિસ્તારમાં શાળાના પુરતા ઓરડા ન હોવાનું સામે આવ્યુ છે. જેના કારણે ધોરણ ૧ થી ૮ ના નાના ભુલકાઓ ટેન્ટમાં ભણવા મજબુર બન્યા છે. શાળામાં ૧૬ ઓરડાની સામે ફક્ત ચાર ઓરડામાં ૫૬૭ વિધાર્થીઓ અભ્યાસ કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓને અગવડતાનો સામનો કરવો પડી રહ્યો છે.

સુરેન્દ્રનગરના વઢવાણ શહેરમાં આવેલા ગણપતી ફાટસર વિસ્તારમાં શાળાના પુરતા ઓરડા ન હોવાનું સામે આવ્યુ છે. જેના કારણે ધોરણ ૧ થી ૮ ના નાના ભુલકાઓ ટેન્ટમાં ભણવા મજબુર બન્યા છે. શાળામાં ૧૬ ઓરડાની સામે ફક્ત ચાર ઓરડામાં ૫૬૭ વિધાર્થીઓ અભ્યાસ કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓને અગવડતાનો સામનો કરવો પડી રહ્યો છે.

સરકાર દ્વારા શિક્ષણ પાછળ દર વર્ષે કરોડોનો બજેટ ફાળવવામાં આવે છે. અનેક જાહેરાતો કરી બાળકોને શિક્ષણ મળી રહે તેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે, પરંતુ વઢવાણ શહેરની અંદર આવેલા ગણપતી ફાટસર વિસ્તારમાં બાળકોને ભણવુ છે, પરંતુ શાળામાં પુરતા ઓરડા નથી.એવુ નથી કે સરકારને આ વાતની જાણ નથી, નવ વર્ષથી આ શાળાના આચાર્યએ સરકાર પાસે ઓરડાની ઘટ બાબતે અવાર નવાર લેખિત-મૌખિક માગણીઓ કરેલી છે. જો કે બાળકોના શિક્ષણ માટે ઓરડા બનાવવાની કોઈ દરકાર લેવાઈ નથી. હાલ આ વિસ્તારમાં આવેલી શાળામાં ૫૬૭ વિધાર્થીઓને ભણવુ છે, પરંતુ ઓરડા ન હોવાથી બાહાર ટેમ્પરરી તંબુમાં ભણવાનો વારો આવ્યો છે. લોકોના મનમાં સવાલ થાય કે સરકાર દર વર્ષે આટલા ઓરડા બનાવવીશુ એવુ રટણ કરે છે, ગ્રાન્ટ મોકલે છે તો શા માટે નવ વર્ષથી ૧૬ ઓરડાની જરૂરિયાત સામે ચાર ઓરડાની શાળા છે. ઉનાળાની શરૂઆતમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોચવામાં આવ્યો છે, ત્યારે તંબુમાં બેસીને પંખા કે હવા વગર તડકો વેઠી ભણવા મજબુર બન્યા છે.

# ભરૂચમાં શંકરાચાર્ય મઠને સળગાવવાનો પ્રયાસ કરાયો

**। (એજન્સી) ભરૂચ, તા.૨૩ ।**

લોકસભાની ચૂંટણી આવી છે ત્યારે ભરૂચના નવાચોકી ઓવાર ખાતે આવેલા શંકરાચાર્ય મઠ પર કોઈ નરાધમે જઘન્ય કૃત્ય કર્યું. એવું કૃત્ય કર્યું કે જેને ક્યારેય માફ કરી શકાય તેમ નથી. શંકરાચાર્યના મઠને આગને હવાલે કરી દેવાનો તેણે પ્રયાસ કર્યો છે.પરંતુ સમય સુચક્તાથી બધુ બચી ગયું. મોડી રાત્રે કાળા કપડા અને માથા પર જાળીવાળી સફેદ ટોપીમાં આવેલો એક નરાધમ મઠ પર જ્વલનશીલ પદાર્થ છાંટે છે. ત્યારપછી પથ્થરના ઘા મઠ પર કરે છે. એટલું જ નહીં પોતાના થેલામાં રહેલા કેટલાક ઉશ્કેરણીજનક લખાણ લખેલા કાગળ ફેંકે છે. થોડીવાર પછી મઠમાં આગ લગાવીને ફરાર થઈ જાય છે. મઠમાં આગ લગાવવાના આ દ્રશ્યો સામે આવતા જ સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે. આખરે આ નરાધમ કોણ છે. કોણ છે આ જઘન્ય કૃત્ય કરનારો કોણ છે આ અજાણ્યો વ્યક્તિ જેને બે કોમ લડી મરે તેવો ઈરાદો છે . મોડી રાત્રે લગાવવામાં આવેલી આગને તો બુઝાવી દેવામાં આવી. પરંતુ જ્યારે વહેલી સવારે આ ઘટનાની ખબર વિસ્તારમાં પડી તો મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ચૂંટણી આવી છે ત્યારે પોલીસનું કોઈ પેટ્રોલિંગ કેમ ન હતું પોલીસે પણ સમય સુચક્તા દાખવી ત્વરીત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ખુદ જિલ્લા પોલીસ વડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. પોલીસે શંકરાચાર્ય મઠના મહંતની ફરિયાદ લઈ મઠને આગ લગાવનારા નરાધમને શોધવા માટે ટીમો કામે લગાવી દીધી છે. તો આ ઘટના પછી હિન્દુ સમાજમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે. નર્મદા નદીને કાંઠે આવેલા આ સ્થાનું કેન્દ્ર સમાન આ મઠના દુશ્મન કોણ છે પોલીસે મઠની તપાસ કરી તો ઉશ્કેરીજનક લખાણ લખેલા કાગળો પણ મળી આવ્યા હતા. જેમાં સર તન સે જુદા જેવા લખાણો લખાયેલા હતા. પોલીસે આ તમામ સાહિત્ય કબજે કરી લીધું છે. બીજી તરફ વિશ્વ હિન્દુ પરિષદે આ ઘટનાને વખોડી અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરનારા નરાધમને જલદી ઝડપી લેવા માંગ કરી છે. આ ઘટનાથી અનેક સવાલો થઈ રહ્યા છે. ખાસ પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નો ઉદભવી રહ્યા છે. ચૂંટણી આવી છે ત્યારે પોલીસનું કોઈ પેટ્રોલિંગ કેમ ન હતું એક મોટા મઠનું રક્ષણ ન કરી શક્તી પોલીસ સામાન્ય લોકોને સુરક્ષા આપી શકશે મઠ પર અગાઉ પણ એટેક થયા છે તો કેમ સુરક્ષા નથી અપાતી. કેમ પોલીસ હજુ સુધી આરોપીને પકડી શકી નથી. કેમ રાત્રે આટલી મોટી ઘટના બની છતાં પોલીસ દિવસે આવી. શું રાત્રે પોલીસના જવાનો સુઈ રહ્યા હતા. પોલીસની સામે તો સવાલો છે જ. પરંતુ આ કૃત્ય કરીને આરોપીએ બહુ મોટી ભૂલ કરી હોય તેમ લાગી રહ્યું છે. અપરાધીએ કેમ કોઈ ધાર્મિકસ્થળને નિશાન બનાવ્યું, શું આરોપીનો ઈરાદો બહુ મોટો હતો. આરોપી કોઈ સામાન્ય વ્યક્તિ છે કે પછી મોટો આતંકી. આરોપીના તાર ભરૂચ કે પછી પાકિસ્તાન સાથે જોડાયેલા છે?. જાણીજોઈને આ કૃત્ય કરાયું કે પછી કોઈ ચાલ હતી . જો આ વ્યક્તિ મુસ્લિમ છે તો મુસ્લિમ સમાજના સારા લોકો તેનો વિરોધ કરશે. આવા લોકોથી સમગ્ર સમાજ બદનામ થાય છે તો તેનો ખુલ્લીને વિરોધ કરશે. આવા તો અનેક પ્રશ્નો છે જેનો જવાબ જનતા ઝંખી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. નાણાકીય દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. દિવસ સરસ છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. આજે જો તમે ખરેખર લાભ મેળવવા માગતા હો તો-અનોય દ્વારા આપવામાં આવતી સલાહને કાને ધરજો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો. તેને બિરદાવવામાં ઉદારતા અને નિષ્ઠા દાખવો. તમારા સ્મિતોનો કોઈ જ અર્થ નથી-હાસ્યનો કોઈ અવાજ નથી-હૃદય પણ થડકો ચૂકી ગયું છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

કોઈ વ્યક્તિનો સુંદર દેખાવ તેના વ્યક્તિત્વ માટે સારું હોય

# યુવતી સાથે લગ્ન કરો અને બની જાવ અમીર

## લોકો કહે છે કે, આ પ્રકારના ચહેરાવાળી છોકરીઓ તેમના ભાવિ પતિના જીવનમાં સારા નસીબ લાવે છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

વિશ્વના વિવિધ દેશોમાં અનેક પ્રકારની માન્યતાઓ જોવા મળે છે. ક્યાંક કોઈ વસ્તુ સારી તો ક્યાંક ખરાબ માનવામાં આવે છે. લગ્ન દરમિયાન અને અન્ય ઘણી જગ્યાએ લોકોની બોડી લેંગ્વેજને લઈને પણ અંધશ્રદ્ધા છે. આવી જ વિચિત્ર માન્યતા આ દેશમાં પ્રચલિત છે, જેના કારણે ત્યાંની એક યુવતીની તસવીર વાયરલ થઈ છે. કોઈ વ્યક્તિનો સુંદર દેખાવ તેના વ્યક્તિત્વ માટે સારું હોય છે, પરંતુ જો તેને અંધશ્રદ્ધા સાથે જોડવામાં આવે તો વાત અલગ બની જાય છે. આવી જ એક અજીબોગરીબ અંધશ્રદ્ધા એક છોકરી વિશે ફેલાયેલી છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, યુવતીએ પોતાનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હોઈ શકે છે, જે પછી તે વાયરલ થઈ ગયો હતો, કારણ કે ચીનની માન્યતાઓ અનુસાર, તેનો ચહેરો ઘણી બધી ગુડ લક લાવવાનો હતો. ચીનમાં અલગ-અલગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર યુવતીનો ફોટો વાયરલ થઈ રહ્યો છે. તેના ફોટા અને વીડિયો પર લોકોએ ઘણી કોમેન્ટ કરી છે. યુવતીની ઉંમર ૨૯ વર્ષની છે અને તે હેનાન પ્રાંતની રહેવાસી છે. તેના જાન્યુઆરીના વીડિયોને અત્યાર સુધીમાં ૫ લાખ ૭૦ હજાર વખત લાઈક કરવામાં આવ્યો છે, જ્યારે ૭૬ હજાર લોકોએ કમેન્ટ કરી છે. લોકો કહે છે કે, આ પ્રકારના ચહેરાવાળી છોકરીઓ તેમના ભાવિ પતિના જીવનમાં સારા નસીબ લાવે છે.

સમાજમાં મહિલાઓને ઘણું માન અને સન્માન આપવામાં આવે છે

# કુંવારી છોકરીઓ પર રંગ લગાવ્યો તો કરવા પડશે લગ્ન

## ઉત્સવને કોઈ પણ જાતની અભદ્રતા વિના તહેવારની જેમ ઉજવો, જ્યારે પુરુષોએ તહેવારની પવિત્રતા અને ગરિમા જાળવવી જોઈએ

। રાંચી, તા.૨૩ ।

હોળી પર આ દેશમાં ઘણી પરંપરાઓનું પાલન કરવામાં આવે છે. ઘણી પદ્ધતિઓ અનન્ય છે. આવી જ પરંપરા અહીં પણ જોવા મળે છે. અહીં સંથાલ સમુદાયમાં હોળી દરમિયાન કુંવારી છોકરીઓ પર રંગો લગાવવામાં આવતો નથી. આની પાછળ એક અનોખું કારણ છે કે, જો કોઈ તેના પર કલર ઉડાવે છે અથવા કલર લગાવે છે તો તેને 'દંડ' પણ ભરવો પડે છે. ઝારખંડના જાણીતા સાહિત્યકાર મનોજ કરપારદારે કહ્યું કે, સંથાલ સમાજમાં મહિલાઓને ઘણું માન અને સન્માન આપવામાં આવે છે. આ જ કારણ છે કે, હજારો વર્ષોથી આ પરંપરા ચાલી આવે છે કે, કુંવારી છોકરીઓ પર રંગ લગાવવામાં આવતો નથી. ઘણી વખત એવું જોવા મળે છે કે, હોળી પર છોકરાઓ ગેરવર્તન કરવા લાગે છે અથવા તેમની મર્યાદા ભૂલી જાય છે. આવી સ્થિતિમાં આ નિયમ પૂર્વજોએ બનાવ્યો હતો, જે આજ સુધી લાગુ છે. મનોજ કરપારદારે જણાવ્યું કે, પૂર્વજો દ્વારા એક નિયમ બનાવવામાં આવ્યો હતો કે, કોઈ પણ અન્ય પુરુષ હોળી પર કુંવારી છોકરીઓને રંગો નહીં લગાવે અને તે તેના પર દૂરથી પણ રંગ છાંટશે નહીં જો કોઈ પુરુષ આવું કરશે તો તેણે તે છોકરી સાથે લગ્ન કરવા પડશે. છોકરીઓ પર ફક્ત તેમના પતિ અથવા ભાઈઓ જ રંગ લગાવી શકે છે. તેમની સાથે તેમનો પવિત્ર સંબંધ છે, પરંતુ અજાણી વ્યક્તિ રંગો લગાવી શકતી નથી. સાહિત્યકારે વધુમાં જણાવ્યું હતું કે, પૂર્વજોએ મહિલાઓની પવિત્રતા જળવાઈ રહે તે માટે આ નિયમ બનાવ્યો હતો અને હોળી પર મહિલાઓ સાથે કોઈ અભદ્ર વર્તન ન થાય અથવા તહેવારના નામે કોઈ અશ્લીલતા ન થાય તેનું ધ્યાન રાખ્યું હતું. આ નિયમ આજે પણ ચુસ્તપણે અનુસરવામાં આવે છે. તેથી, તેમને લગ્ન જેવા બંધનમાં બાંધવા માટે એક શરત રાખવામાં આવી હતી. આ જ કારણ છે કે, આ કડક નિયમને કારણે આજે પણ કુંવારી છોકરીઓ પર કલર ઉડાવવામાં આવતો નથી. મનોજ જણાવે છે કે, મહિલાઓની સુરક્ષા અને સન્માનને ધ્યાનમાં રાખીને પૂર્વજોએ આ નિયમ બનાવ્યો હતો, જેથી અપરિણીત છોકરીઓ કોઈપણ ચિંતા વગર તેમના સમૂહ સાથે હોળી રમી શકે છે. ઉત્સવને કોઈ પણ જાતની અભદ્રતા વિના તહેવારની જેમ ઉજવો, જ્યારે પુરુષોએ તહેવારની પવિત્રતા અને ગરિમા જાળવવી જોઈએ.

આઈપીએલ મેચ શરું થઈ ગઈ છે

# IPLમાં મેચ કેન્સલ થાય તો પણ ટીમને મળે છે મોટી રકમ

## લીગ ટીમો અને BCCI તમામ ખેલાડીઓને વીમો આપે છે, આ સાથે મેચ અને સ્થળનો પણ વીમો લેવામાં આવે છે






। નવી દિલ્હી, તા.૨૩ ।

વિશ્વની સૌથી મોટી ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયમ લીગ શરૂ થઈ ગઈ છે. જોકે, તમે કરોડો ભારતીયોની આ ફેવરિટ લીગ વિશે ઘણું જાણતા હશો, પરંતુ આજે અમે તમને એક એવી હકીકત વિશે જણાવીશું જેના વિશે તમે ભાગ્યે જ જાણતા હશો. તમે આ ઘણી વખત જોયું હશે અને ઘણીવાર એવું બને છે કે, કોઈને કોઈ કારણસર કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય અથવા અન્ય કોઈ કારણે મેચ રદ થઈ જાય છે. આવી સ્થિતિમાં ટીમ અને ખેલાડીની કમાણીનું શું થશે? શું તેમને નુકસાન સહન કરવું પડે છે કે, તેની ભરપાઈ થાય છે? આજે અમે તમને આ વિશે સંપૂર્ણ માહિતી આપીશું. IPLની દરેક મેચ અને ખેલાડીનો વીમો લેવામાં આવે છે. IPL ફ્રેન્ચાઈઝીસ અને BCCI આ મેચો અને ખેલાડીઓ માટે વીમો પૂરો પાડે છે, જેથી કોઈપણ નુકસાનની ભરપાઈ કરી શકાય. ફ્રેન્ચાઈઝી અને BCCI પણ વીમાની આ રકમમાં સતત વધારો કરી રહ્યા છે. તેનું કારણ મેચ દરમિયાન વધતું જોખમ છે. કેટલીક જગ્યાએ વરસાદને કારણે મેચો રદ થાય છે તો અન્ય જગ્યાએ ખેલાડીઓ ઈજાગ્રસ્ત થાય છે. આવી સ્થિતિમાં, આ વીમો કેવી રીતે કામ કરે છે? લીગ ટીમો અને BCCI તમામ ખેલાડીઓને વીમો આપે છે. આ સાથે મેચ અને સ્થળનો પણ વીમો લેવામાં આવે છે. તેનો હેતુ એ છે કે, જો કોઈ કારણસર મેચ ન થાય તો ફ્રેન્ચાઈઝીને કોઈ પૈસાનું નુકસાન ન થાય અને બીસીસીઆઈને સ્પોન્સર પાસેથી મળેલા પૈસાની ભરપાઈ પણ થઈ શકે. આ સિવાય જો કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થાય છે તો તેને ફીનો અમુક હિસ્સો પણ આપવામાં આવે છે. જેમ જેમ મેચમાં જોખમ વધી રહ્યું છે, ફ્રેન્ચાઈઝી ટીમો અને BCCI પણ તેમના વીમાની રકમમાં વધારો કરી રહ્યા છે. આ વીમાનો સૌથી મોટો ફાયદો શું છે? MK ગ્લોબલ ફાઈનાન્શિયલ સર્વિસિસના સિનિયર રિસર્ચ એનાલિસ્ટ અવિનાશ સિંઘે જણાવ્યું હતું કે, જો કોઈ મેચ અથવા સ્થળ રદ થાય છે, તો તે ટીમને વીમાની રકમ ચૂકવવામાં આવે છે. આ વીમા કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવે છે. ફ્રેન્ચાઈઝી ટીમ પંજાબ કિંગ્સના માલિક કેપીએચ ડ્રીમ ક્રિકેટના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર એલસી ગુપ્તાનું કહેવું છે કે, જો કોઈ ખેલાડી ઈજાગ્રસ્ત થઈને રમતમાંથી બહાર થઈ જાય તો પણ મેચના ૫૦ ટકા વીમાને કારણે તેને ચૂકવવામાં આવે છે. આ વીમો એવી રીતે પણ કામ કરે છે કે, જો કોઈ મેચ કેન્સલ થાય તો ફ્રેન્ચાઈઝીને કોઈ નુકસાન ન થાય. આવી સ્થિતિમાં, ટીમોને તેમના નુકસાનની ભરપાઈ કરવામાં આવે છે, જ્યારે ખેલાડીઓને તબીબી અને અકસ્માત વીમો આપવામાં આવે છે. ૨૦૨૧ સીઝનમાં, દિલ્હી કેપિટલ્સના ખેલાડી શ્રેયસ અય્યરને ઈજા થઈ હતી અને તેણે બાકીની મેચો ગુમાવવી પડી હતી. પરંતુ, વીમાના કારણે અય્યરને તેની સમગ્ર મેચ ફી રૂપિયા ૭ કરોડ આપવામાં આવી હતી. દેખીતી રીતે, જો વીમો ન હોત તો શ્રેયસે તેના પૈસા ગુમાવવા પડ્યા હોત. જ્યારે ખેલાડીઓને તબીબી અને અકસ્માત વીમો આપવામાં આવે છે. ૨૦૨૧ સીઝનમાં, દિલ્હી કેપિટલ્સના ખેલાડી શ્રેયસ અય્યરને ઈજા થઈ હતી અને તેણે બાકીની મેચો ગુમાવવી પડી હતી. પરંતુ, વીમાના કારણે અય્યરને તેની સમગ્ર મેચ ફી રૂપિયા ૭ કરોડ આપવામાં આવી હતી.

# મુસ્તાફિઝુર IPLની પહેલી જ મેચનો બન્યો હીરો, પ્લેયર ઓફ ધ મેચ




। નવી દિલ્હી, તા.૨૩ ।

IPL ૨૦૨૪ની પ્રથમ મેચ ચેન્નાઈ અને બેંગલુરુ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં રુતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમે શાનદાર જીત નોંધાવી હતી. મેચમાં મુસ્તાફિઝુર રહેમાને શાનદાર બોલિંગ કરી હતી. તેણે કુલ ૪ વિકેટ ઝડપી હતી. મુસ્તાફિઝુર થોડા દિવસો પહેલા મેદાન પર ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ તેને સ્ટ્રેચર પર મેદાનની બહાર લઈ જવો પડ્યો હતો. પરંતુ હવે તે ફિટ છે અને પહેલી જ મેચમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યો હતો. ૧૮ માર્ચે, બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે ત્રીજી વનડે ચટ્ટોગ્રામમાં રમાઈ હતી. મુસ્તાફિઝુર પ્રથમ ઈનિંગની ૪૮મી ઓવરમાં તેની છેલ્લી ઓવર નાખવા આવ્યો હતો. જ્યારે તેણે પહેલો બોલ નાખ્યો ત્યારે તે થોડો અસહજ અનુભવ્યો અને મેદાન પર પડ્યો. જે બાદ મેડિકલ સ્ટાફની ટીમ મેદાનમાં આવી હતી. મુસ્તફિઝુરની હાલત ખરાબ હતી. જે બાદ તેને સ્ટ્રેચર પર સુવડાવીને મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો. એવું લાગી રહ્યું હતું કે તે IPLમાંથી બહાર થઈ જશે.

# પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટ મિડલ્ટનને કેન્સર થયું



। લંડન, તા.૨૩ ।

બ્રિટનના શાહી પરિવારના વધુ એક સભ્યને કેન્સર થયું છે, કિંગ ચાર્લ્સ બાદ હવે તેમના પરિવારના પુત્રવધૂ કેટ મિડલ્ટને પણ પોતાને કેન્સર થયું હોવાનું જાહેર કર્યું છે. કેટ મિડલ્ટન ઘણા દિવસોથી જાહેરજીવનથી દૂર હતાં, અને તેમની ગેરહાજરી ચર્ચાનો વિષય બની હતી તે દરમિયાન શાહી પરિવાર દ્વારા કેટનો ફેમિલી સાથે એક ફોટોગ્રાફ પણ શેર કરાયો હતો, પરંતુ તેને પણ ફોટોશોપમાં એડિટ કરાયો હોવાથી આ મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો હતો. કેથરિન (કેટ મિડલ્ટન) એ પોતાની મેડિકલ ટીમનો આભાર માનતા જણાવ્યું હતું કે પોતે હાલ કેન્સરથી રિકવર થઈ રહ્યાં છે. જાન્યુઆરીમાં થયેલી સર્જરીમાંથી રિકવરી અને ત્યારબાદ શરૂ થયેલી કેન્સરની ટ્રીટમેન્ટ બાદ બાળકોને આ અંગે કઈ રીતે જાણકારી આપવી તેમજ પોતે કેન્સરથી રિકવર થઈ જશે.

# કેજરીવાલની ધરપકડના વિરોધમાં INDIA ગઠબંધનના નેતાઓ પહોંચ્યા ચૂંટણી પંચ

। નવી દિલ્હી, તા.૨૩ ।

લોકસભાની ચૂંટણી માટે મતદાન શરૂ થાય તે પહેલા જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડના મુદ્દાએ જોર પકડ્યુ છે. કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હોવા ઉપરાંત આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક પણ છે. આમ આદમી પાર્ટી લોકસભા ચૂંટણીમાં વિપક્ષ દ્વારા બનાવાયેલા ઈન્ડિ ગઠબંધનનો ભાગ છે. આવી સ્થિતિમાં, ઈન્ડિયા ગઠબંધનમાં સામેલ વિપક્ષી પાર્ટીઓએ હવે ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે અને તપાસ એજન્સીઓના દુરુપયોગ અને કેજરીવાલની ધરપકડ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસ તરફથી અભિષેક મનુ સિંઘવી, ડેરેક ઓ'બ્રાયન, ટીએમસીમાંથી મોહમ્મદ નદીમુલ હક, સીપીઆઈએમના સીતારામ યેચુરી, સંદીપ પાઠક, આમ આદમી પાર્ટીના પંકજ ગુપ્તા, એનસીપી શરદ પવાર જૂથના જિતેન્દ્ર આવ્હાડ, ડીએમકેના જિતેન્દ્ર અવહાડ, પી વિલ્સન, સમાજવાદી પાર્ટીના જાવેદ અલી અને કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે વિરોધ નોંધાવ્યો હતો.

ઈન્ડિ ગઠબંધનની આ તમામ પાર્ટીઓ ભારત ગઠબંધનનો ભાગ છે અને તેમણે કેજરીવાલની ધરપકડ સામે અવાજ ઉઠાવ્યો છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુરુવારે સાંજે ટ્વીટ કર્યું હતું કે ડરેલા તાનાશાહ, મૃત લોકશાહી બનાવવા માંગે છે. મીડિયા સહિતની તમામ સંસ્થાઓ પર કબજો જમાવવો, પાર્ટીઓ તોડી નાખવી, કંપનીઓ પાસેથી પૈસા પડાવી લેવા, મુખ્ય વિપક્ષી પાર્ટીના ખાતા ફ્રીઝ કરવા એ 'શૈતાની શક્તિ' માટે પૂરતું નહોતું, હવે ચૂંટાયેલા મુખ્ય પ્રધાનોની ધરપકડ પણ એક મોટી ઘટના બની ગઈ છે. ઈન્ડિ ગઠબંધન આનો જડબાતોડ જવાબ આપશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં મની લોન્ડરિંગની તપાસ કરી રહી છે. તેણે સતત નવ સમન્સ જારી કર્યા પછી ગુરુવારે રાત્રે કેજરીવાલની ધરપકડ કરી હતી. ધરપકડ પહેલા EDની ટીમ કેજરીવાલના ઘરે પહોંચી અને તેની તલાશી લીધી. આ પછી, EDની ટીમે કેજરીવાલની ધરપકડ કરી અને હેડક્વાર્ટર લઈ ગઈ. તેમને રાતભર હેડક્વાર્ટરમાં રાખ્યા બાદ શુક્રવારે સવારે EDએ અરવિંદ કેજરીવાલને કોર્ટમાં રજૂ કર્યા હતા.

વિશેષ

ચીનમાં નહાવા માટે રજા આપવામાં આવે છે

# રોમન સમ્રાટ દ્વારા રવિવારની રજા જાહેર કરવામાં આવી હતી

## ઈસ. ૩૨૧ માં સમ્રાટ કોન્સ્ટેન્ટાઈને આદેશ આપ્યો હતો કે સાત દિવસીય સત્તાવાર રોમન સપ્તાહમાં રવિવારને જાહેર રજા બનાવવી જોઈએ

। નવી દિલ્હી, તા.૨૩ ।



દુનિયામાં રવિવારની રજા ક્યારે શરૂ થઈ હશે અને કેવી રીતે શરૂ થઈ હશે, આ એક એવો સવાલ છે જેનો જવાબ દરેક વ્યક્તિ અજાણ હશે. રવિવારની રજામાં આપણે બધા આરામ કરીએ છીએ અને તેનો આનંદ માણીએ છીએ. રોજિંદા કામ કરતાં રવિવારે જીવન અલગ બની જાય છે. આ અગાઉ ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન, કામદારોને દરરોજ કામ કરાવવામાં આવતું હતું, ત્યાં કોઈ સાપ્તાહિક રજા ન હતી. આ માટે આંદોલન થયું હતું. જો કે, રવિવાર એટલે કે રવિવારની રજાનો શ્રેય રોમન અમ્પાયરને આપવો જોઈએ, જ્યાંથી તે યુરોપમાં અને પછી ધીમે ધીમે વિશ્વમાં ફેલાયો હતો. ચીનમાં, આ સાપ્તાહિક રજા ચોક્કસપણે નહાવાના નામે શરૂ થઈ હતી. ઈસ. ૩૨૧માં સમ્રાટ કોન્સ્ટેન્ટાઈને રવિવારને જાહેર રજા જાહેર કરી હતી. આ દિવસે, ખ્રિસ્તી અને રોમન સૂર્ય દેવ સોલ ઈન્વિક્ટસ માટે પ્રાર્થના કર્યા પછી, લોકોએ આરામ કર્યો અને કોઈ કામ કરતા ન હતા. લગભગ તમામ પ્રાચીન સંસ્કૃતિઓમાં રવિવારે ભગવાન સૂર્યની પૂજા કરવામાં આવી છે. લોકો નિશ્ચિત દિવસે ભગવાનની પૂજા કરતા હોવાથી આ દિવસને રવિવાર એટલે કે સૂર્યનો દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. બાદમાં જ્યારે ચર્ચ બનાવવામાં આવ્યા, ત્યારે લોકો આ દિવસે પ્રાર્થના માટે ત્યાં જવા લાગ્યા હતા. તેથી લોકોની લાગણીને માન આપીને સર્વાનુમતે 'રવિવાર'ને રજા તરીકે જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો. ઈસ. ૩૨૧ માં સમ્રાટ કોન્સ્ટેન્ટાઈને આદેશ આપ્યો હતો કે સાત દિવસીય સત્તાવાર રોમન સપ્તાહમાં રવિવારને જાહેર રજા બનાવવી જોઈએ. તેમણે આ માટે પ્રથમ નાગરિક કાયદો રજૂ કર્યો હતો. તેમણે આદેશ આપ્યો કે, તે દિવસે (રવિવારે) તમામ કામ બંધ કરી દેવા જોઈએ, સિવાય કે ખેડૂતો જરૂર પડ્યે કામ કરી શકે છે. આ પછી આ કન્સેપ્ટ યુરોપમાં ફેલાઈ ગયો હતો. પાછળથી, જ્યારે યુરોપ અને અમેરિકાની મોટાભાગની વસ્તી ખ્રિસ્તી બની ગઈ, ત્યારે તેઓએ આ દિવસે ચર્ચમાં જવાનું અને ત્યાં પ્રાર્થના કરવાનું શરૂ કર્યું હતું. ઘણા વિદ્વાનો માને છે કે, સાત-દિવસીય સપ્તાહનો ખ્યાલ પહેલા ભારતમાં અને પછી ચીનમાં આવ્યો હતો. રવિવારની રજા સિવાય, રોમનો પણ ઈચ્છતા હતા કે 'શનિવાર'ને અડધા દિવસની રજા તરીકે ગણવામાં આવે, જો સંપૂર્ણ દિવસ ન હોય, કારણ કે શનિવાર યહૂદીઓમાં 'સેબ્બાથ' દિવસ હતો અને તેનું નામ રોમન દેવ શનિના નામ પરથી રાખવામાં આવ્યું હતું. આ કારણોસર, પાછળથી શનિવાર પણ સમગ્ર વિશ્વમાં રજા અથવા અડધા દિવસની રજા તરીકે શરૂ થયો હતો. ભારતમાં રવિવાર કેવી રીતે રજા બની ગયો તેની પણ એક વાર્તા છે. આનો શ્રેય મહારાષ્ટ્રના મજૂર નેતા નારાયણ મેઘાજી લોખંડેને આપવો જોઈએ. અંગ્રેજોના આગમન પછી ભારતમાં કામદારોએ અઠવાડિયાના સાતેય દિવસ કામ કરવું પડતું હતું. તેમના માટે કોઈ રજા ન હતી, જ્યારે અંગ્રેજ શાસક અને તેમના કર્મચારીઓ રવિવારને રજા તરીકે ઉજવતા હતા. ત્યાં સુધીમાં, ભારતમાં ટ્રેડ યુનિયન જેવી સંસ્થાઓ શરૂ થઈ ગઈ હતી, જો કે, આ ચળવળના પિતા પણ નારાયણ મેઘાજી લોખંડે હતા. તેમણે કામદારોને એક દિવસની રજા આપવા અંગ્રેજો સામે અવાજ ઉઠાવ્યો હતો. આ પછી, ૭ વર્ષ સુધી આંદોલન ચલાવવામાં આવ્યું, અંતે ૧૦ જૂન ૧૮૯૦ ના રોજ, બ્રિટિશ સરકારે મજૂરો અને અન્ય લોકો માટે રવિવારની રજા જાહેર કરી હતી. સપ્તાહનો ખ્યાલ ચીનમાં શરૂઆતમાં અસ્તિત્વમાં નહોતો, પરંતુ શરૂઆતની સદીઓમાં ત્યાં સ્નાન એક મોટી સમસ્યા હતી. કારણ કે આ માટે લોકોને જાહેર બાથરૂમમાં જવું પડતું હતું. ઘરોમાં ન્હાવાની સગવડ નહોતી. તમને નવાઈ લાગશે પરંતુ જ્યારે ચીનમાં ઘરોમાં પાણીની પાઈપ ઘણી પાછળથી પહોંચી તો ત્યાંના લોકોએ પોતાના ઘરમાં નહાવાનું શરૂ કરી દીધું હતું. ૩જી સદીમાં, ચીનના હાન રાજવંશે અધિકારીઓને દર પાંચ કામકાજના દિવસોમાં સ્નાન કરવા માટે એક દિવસની રજા આપવાનું શરૂ કર્યું હતું. દર પાંચ દિવસે સ્નાન કરવું એ ત્યાંની એક નિયમિત પ્રવૃત્તિ બની ગઈ હતી. આ રજાનો અર્થ એ પણ હતો કે, લોકો માત્ર પાંચમા દિવસે સારી રીતે નહાતા જ નહીં, પરંતુ તેમના કપડા પણ ધોઈને સાફ કરે છે. દસ્તાવેજો દર્શાવે છે કે, કિન અને હાન રાજવંશ દરમિયાન, લોકો દર ત્રણ દિવસે તેમના વાળ ધોતા હતા. દર પાંચ દિવસે સ્નાન કરવા માટે વપરાય છે. એવું પણ કહેવાય છે કે, ચીનના મહાન નેતા માઓ ઝેડોંગ ભાગ્યે જ સ્નાન કરતા હતા. જોકે, ૧૯૯૦ ના દાયકાના અંતમાં પાઈપ વાળી પાણીની લાઈનો ચીનના ઘરો સુધી પહોંચી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ભરૂચની બોડા કચેરીએ મહિલા અરજદારે આપઘાતનો પ્રયાસ

। (એજન્સી) ભરૂચ, તા.૨૩ ।

ભરૂચના બોડા કચેરીએ એક મહિલા અરજદારે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. નગર નિયોજન અધિકારીએ કચેરીમાં જ અગમ્ય કારણોસર ઝેરી દ્રવ્ય પીને આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. હાલ, મહિલાને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેતુ ખસેડાઈ છે.ભરૂચ જીલ્લાના બોડા કચેરી ખાતે એક અરજદાર મહિલા કોઈ કામ અર્થે નગર નિયોજનની કચેરીએ આવી હતી. પરંતુ કચેરીમાં જ ઝેરી દ્રવ્ય ગટગટાવતા હોસ્પિટલમાં નાસભાગ મચી જવા પામી હતી. હજું ઘટનાનું કારણ શોધી શકાયું નથી. મહિલાને તત્કાલ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. તેમજ તેની સમગ્ર તપાસ પણ હાથ ધરવામાં આવી છે. મહિલાએ પગલું શા માટે ભર્યું તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવશે.

### સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પરિસરમાં ભૂંડનાં ટોળાં

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરિસરમાં ચાર જેટલા ભૂંડ ફરતા હોવાનો વીડિયો સામે આવતા એરપોર્ટ મેનેજમેન્ટ ટીમની આબરૂના લીરેલીરા ઊડ્યા છે. ત્યારબાદ સુરત એરપોર્ટ ડાયરેક્ટર એસ. સી. ભાલસેએ ભૂંડ ટર્મિનલ બિલ્ડિંગ નજીકના ગાર્ડન અને પાર્કિંગ એરિયા સુધી કંઈ રીતે આવી ગયા? એરપોર્ટની દીવાલમાં બાકોરા પડ્યા છે કે કેમ? તેની તપાસ કરવા એરપોર્ટ મેનેજરને આદેશ આપ્યા છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના પ રિસરમાં વારંવાર ભેંસ, કૂતરા, બિલાડા અને હવે ભૂંડ દેખાતા એનિમલ હિટની ઘટના બનવાનો ભય વ્યક્ત કરાઈ રહ્યો છે. હકીકતમાં એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓની લાલિયાવાડીથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનો કારભાર બસસ્ટેન્ડ કરતાં પણ જાય તે દિશામાં જઈ રહ્યો છે. હવે એરપોર્ટ પરિસરમાં ભૂંડના ટોળા ફરી રહ્યા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં સુરત એરપોર્ટ ઓથોરિટી તપાસનું ગાણું ગાઈ પોતાનો લુલો બચાવ કરી રહી છે. એરપોર્ટ ઓથોરિટી એવો લુલો બચાવ કરે છે કે, એરપ ોર્ટની મેઈન એન્ટ્રી પાસેના ખેતરોમાં પ ારાવાર ગંદકીને લીધે ભૂંડ એરપોર્ટનાં મુખ્ય માર્ગથી પ્રવેશી જાય છે. ઘણીવાર ભગાડવામાં પણ આવ્યા છે. ભૂંડના ટોળા ટર્મિનલ બિલ્ડિંગમાં પ્રવેશદ્વાર નજીક, પાર્કિંગ, ગાર્ડન એરિયા અને એરપોર્ટ ડાયરેક્ટર ઓફિસ નજીક ફરતા દેખાયા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.

# અમૂલ - ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયાનો સ્વાદ હવે અમેરિકનો પણ ચાખશે

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।



દૂધનું નામ પડે એટલે ગુજરાત સહિત આખા ભારતમાં રહેતા લોકોના મગજમાં પહેલું નામ અમૂલનું આવી જાય. સહકારી દૂધ મંડળથી એક બ્રાન્ડ બનવાની અમૂલની સફર દરેક ભારતીયને ખબર હશે. અમૂલ ભારતની શ્વેતક્રાંતિ છે અને તેને વૈશ્વિક ફલક પર લઈ જવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. એક મહિના પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમૂલને વિશ્વની સૌથી મોટી ડેરી તરીકે વિકસિત થવાનું આહ્વાન કર્યું હતું. હવે એ દિશામાં આગળ વધતાં 'ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા'એ મોટી છલાંગ લગાવી છે. અમૂલે અમેરિકામાં તાજું દૂધ વેચવાનું શરૂ કર્યું છે. પહેલીવાર અમૂલનું તાજું દૂધ ભારતની બહાર લોન્ચ કરવામાં આવ્યું છે. ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) અને યુએસની ૧૦મી સૌથી મોટી ડેરી કો-ઓપરેટિવ મિશિગન મિલ્ક પ્રોડ્યુસર્સ અસોસિએશન (MMPA) વચ્ચે ભાગીદારી થઈ છે. ગુરુવારે MMPAની ૧૦૮મી વાર્ષિક મીટિંગ નોવી મિશિગન ખાતે યોજાઈ હતી. જેમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત મિશિગન અને અમૂલ વચ્ચેના સંબંધોની જાળવી રાખવાની મહત્વની કડી બની છે. GCMMFના ફાઉન્ડર અને ચેરમેન ડૉ. વર્ગીસ કુરિયન મિશિગન સ્ટેટ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. GCMMFના મેનેજિંગ ડાયરેક્ટર જયેન મહેતાએ કહ્યું, ''આ ભાગીદારીથી અમારા અમેરિકન અને ભારતીય ગ્રાહકો અમૂલના પૌષ્ટિક અને ઉર્જાયુક્ત દૂધના સત્વ મેળવી શકશે.'' ૨૨ ફેબ્રુઆરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ખેડૂતોને આહ્વાન કર્યું હતું કે, અમૂલને વિશ્વની સૌથી મોટી ડેરી બનાવવામાં મદદ કરે. અમદાવાદમાં GCMMFના સુવર્ણ જયંતિ મહોત્સવના પ્રસંગે પીએમ મોદીએ આ આહ્વાન કર્યું હતું. અમૂલે પોતાના તાજા દૂધની રેન્જ યુએસમાં એક ગેલન અને અડધા ગેલનના પેકમાં વેચવાની શરૂ કરી છે. ભારતમાં પ્રચલિત છે તે જ બ્રાન્ડ નેમ અને કોમ્પોઝિશન સાથે સાથે વેચવાનું શરૂ કર્યું છે. અમૂલ ગોલ્ડ ૬ ટકા મિલ્ક ફેટ સાથે, અમૂલ શક્તિ ૪.૫ ટકા મિલ્ક ફેટ સાથે, અમૂલ તાઝા ૩ ટકા મિલ્ક ફેટ સાથે અને અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ ૨ ટકા મિલ્ક ફેટ સાથે વેચવાનું શરૂ કર્યું છે.

### ૧૦ દિવસ માટે કાર ભાડે લઈ જનારા વ્યક્તિએ વેચી નાંખી કાર



। વલસાડ, તા.૨૩ ।

જો તમારી કાર કોઈ અજાણ્યો ઈસમ ભાડે માંગશે તો ચેતી જજો. ભાડા ઉપર આપેલી તમારી કાર ગુમાવવાનો વારો આવશે. વલસાડ જિલ્લામાં કઈ એવોજ કિસ્સો આવ્યો સામે વલસાડ શહેરના એક કાર માલિકે ૧૦ દિવસ માટે ભાડા પર આપેલી કાર ભાડે લઈ ગયેલા ઈસમ દ્વારા વેચી કાઢવાની ઘટના સામે આવી છે અને કાર માલિકને ખબર પણ ના પડી. વલસાડના લુહાર ટેકરા વિસ્તારમાં આવેલી રોય હોસ્પિ ટલ પાસે રહેતા હિતેશભાઈ પરસોત્તમભાઈ પટેલ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેઓ તેમની માલિકીની કાર નંબર જીજે ૧૫ સીએ ૯૭૮૮ ભાડે ફેરવે છે. વલસાડના અબ્રામા, ૨૭૩૬, રાજનનગર ખાતે રહેતા તેજસ મહેશભાઈ વાસાણીએ હિતેશભાઈને તેમની ૧૨ દિવસ માટે કાર વડોદરા લઈ જવા માટે ભાડે જોઈએ છે તેવું જણાવ્યું હતું. તેઓએ કાર લેવા માટે સંજયભાઈ ભીખુભાઈ પટેલ ઉર્ફે ચકો નામનો ડ્રાઈવરને વલસાડ મોકલ્યો હતો. જે પછી બીજા દિવસે કાર વલસાડમાં જ નજરે પડી હતી, જેથી હિતેશભાઈએ ખાનગી તપાસ કરતા તેમની કાર નવસારીના યાશીન નામના ઈસમ પાસે ગીરવે મુકવામાં આવી હોવાની માહિતી મળી હતી. કાર ભાડે લઈ ગયા બાદ તેજસ વાસાણી સંજય પટેલ ઉર્ફે ચકો અને પરવેઝ ઈમ્તિયાઝ મુલતાનીએ કાર માલિકની જાણ બહાર ષડયંત્ર રચી કાર ગીરવે મૂકી છેતરપિંડી કરી હતી. આ અંગેની જાણ થતા હિતેશભાઈએ ચારેય ભેજાબાજો સામે વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પી.એસ.આઈ ડી.એસ. પટેલે હાથ ધરેલી તપાસમાં તેજસ વાસાણી, સંજય પટેલ ઉર્ફે ચકો અને પરવેઝ મુલતાનીની ધરપકડ કરી હતી. ભાડા ઉપર કાર લઈ છેતડપિંડી થઈ હોવાની જાણ વલસાડ પોલીસને થતા વલસાડ સીટી પોલીસ દ્વારા તાત્કાલિક પરવેઝ, સંજય અને તેજસની તાત્કાલિક ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ કરતા પરવેઝ મુલતાની અગાઉ પણ છેતરપીંડીના ગુનાઓમાં સંડોવણી સામે આવી હતી. પરવેઝ દ્વારા ભાડા ઉપર કાર લઈ વેચી નાંખતો હતો.

#### પોલીસે ગણતરીના કલાકોમાં ચોરને ઝડપી પાડ્યા

## વલસાડમાં ધોળે દિવસે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

**વલસાડ શહેરના ધોબીતળાવ વિસ્તારમાં રહેતા એક યુવકે ચોરી કર્યાની બાતમી મળી હતી**

। (એજન્સી) વલસાડ, તા.૨૩ ।

વલસાડ તાલુકાના હીંગરાજ ગામ ખાતે ધોળે દિવસે નૂતનનગરમાં રહેતા ભાવતી ટંડેલના બંધ મકાનમાં ચોરો ત્રાટકયા હતા. ચોરો દ્વારા મકાનમાંથી ૬૮૫૦૦ રૂપિયાના સોના ચાંદીના ઘરેણાંની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ વલસાડ રૂરલ પોલીસને થતા તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ગામમાં લાગેલા સીસીટીવીમાં તપાસ કરતા એક સીસીટીવીમાં ચોરો દેખાયા હતા. ધોળે દિવાસે ચોરી કરી ભાગેલી ચોર ગેંગને પકડવા માટે વલસાડ રૂરલ પોલીસે તપાસ હાથ ધરતા વલસાડ શહેરના ધોબીતળાવ વિસ્તારમાં રહેતા એક યુવકે ચોરી કર્યાની બાતમી મળી હતી.

તાત્કાલિક પોલીસ દ્વારા ચોર યુવકને પકડી પાડી તપાસ કરતા ચોર યુવક અને તેના બે સાથીઓ દ્વારા આ ચોરી કરાઈ હોવાની કબૂલાત કરવામાં આવી હતી. સાથે યુવકને વધુ પૂછપરછ કરતા ચોર યુવક દ્વારા તેની પ્રેમિકાના ઘરે તમામ મુદ્દામાલ મુકવામાં આવ્યો છે એવું પોલીસને જાણ કરતા પોલીસ દ્વારા યુવકની પ્રેમિકાના ઘરે તપાસ કરતા ત્યાંથી ચોરાય ગયેલા મુદ્દામાલ માંથી ૩૩,૫૦૦ નો ચોરીનો મુદ્દામાલ મળી આવ્યો હતો. રૂરલ પોલીસે ઘરમાં તપાસ કરતા અન્ય ૧.૦૮ લાખનો અન્ય મુદ્દામાલ મળી આવ્યો હતો.. રૂરલ પોલીસે કુલ ૧.૪૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ૩ ચોરો સહિત મુદ્દામાલ રાખનાર મહિલાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ રૂરલ પોલીસે હીંગરાજ ગામ ખાતે થયેલી ચોરીમાં બ્રિજેશ ઉર્ફે સલ્લુ શ્યામલાલ ગોંડ રહે.તરિયાવાળ બંદર રોડ,સોહિલ ઉર્ફે બટાકી રમજાન શાહ રહે.ધોબી તળાવ અંજલી સુપર સ્ટોરની ઉપર,સલમાન સલીમ શેખ રહે.ધોબી તળાવ કે.કે બેકરીના પાછળ સહિત શ્રદ્ધાબેન શૈલેષભાઈ નાયકા રહે.વશિયર ગામ ચોરામલા ફળિયા ની ધરપકડ કરી હતી ચોર ગેંગ દ્વારા દિવસ દરમીયા બંધ મકાનોની રેકી કરી ધોળે દિવસે મકાનમાં ઘુસી ચોરી કરતા હોવાનું સામે આવ્યું છે ત્યારે ચોરો પાસે થી વલસાડ રૂરલ પોલીસે કબ્જે કરેલા મુદ્દામાલની વાત કરીએ તો ૫ મોબાઈલ, એક લેપટોપ, ૨ ટેબલેટ,સોનાં ચાંદીના ઘરેણાં, ૪૪ હજાર રોકડ,૨૪ નાના મોટા લેડીસ પર્સ સહિત કુલ રૂપિયા ૧.૪૧ લાખનો મુદ્દામાલ મળી આવ્યો છે.પોલીસ દ્વારા હીંગરાજ ગામ ખાતે થયેલી ચોરી માં ૬૮૫૦૦ માંથી ૩૩૫૦૦ નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે ત્યારે અન્ય ૧.૦૮ લાખનો મુદ્દામાલ ચોરો દ્વારા ક્યાંથી ચોરી કરવામાં આવી એ અંગે તપાસ હાથ ધરી વલસાડ ના હીંગરાજ ગામ ખાતે થયેલી ચોરીનો ભેદ વલસાડ રૂરલ પોલીસદ ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢી ૪ જેટલા આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ આરોપીઓ દ્વારા અન્ય કેટલી ચોરીઓ કરવામાં આવી એ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

#### સોસાયટીને ૨૦ હજાર વળતર ચૂકવવા આદેશ

## પ્રેરણા શિખર ટાવરમાં ફી લીધા બાદ પણ શેર સર્ટિ. ટ્રાન્સફર ના કર્યા

**ગ્રાહક સુરક્ષા પંચનો ટ્રાન્સફર કરવા-વળતર ચૂકવવા આદેશ**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

શહેરનાં બોડકદેવ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ફ્લેટ ખરીદનારા મેમ્બરના નામે ઓરિજિનલ શેર સર્ટિફિકેટ ટ્રાન્સફર ના કરનારી સોસાયટીએ હવે ૨૦ હજાર રૂપિયા વળતર ચૂકવવું પડશે.

સોસાયટીએ ટ્રાન્સફર ફી વસૂલ્યા બાદ પણ કરેલી આડોડાઈને કારણે પ્રેરણા શિખર ટાવરમાં ફ્લેટ ખરીદનારા ચિરાગ દિક્ષિતે જૂન ૨૦૨૨માં આ સોસાયટીમાં ફ્લેટ ખરીદ્યો હતો, અને ટ્રાન્સફર ફી પેટે ૯૨,૪૦૦ રૂપિયા પણ ભર્યા હતા.

ફ્લેટ ખરીદનારાએ સોસાયટીને ઓરિજિનલ શેર સર્ટિફિકેટમાં પોતાનું નામ ચઢાવવા ઉપરાંત ફ્લેટ રિનોવેટ કરવા માટે પણ સોસાયટીની પરમિશન માગી હતી. જોકે, સોસાયટીએ એવી દલીલ કરી હતી કે ફ્લેટ ખરીદનારા ચિરાગ દિક્ષિતે ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ જરૂરી પ્રક્રિયા પ ૂરી ના કરી હોવાથી તેમને સોસાયટીના મેમ્બર તરીકેના હક્ક મળવા પાત્ર નથી. આ મામલે ફ્લેટ ખરીદનારાએ ગ્રાહક સુરક્ષા પંચમાં ફરિયાદ કરતાં તેમને ન માત્ર ૨૦ હજાર રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ કરાયો હતો, પરંતુ તેની સાથે જ સોસાયટીને ઓરિજિનલ શેર સર્ટિફિકેટ તેમના નામ પર ટ્રાન્સફર કરવા માટે પણ જણાવાયું હતું. આ કેસમાં શેર સર્ટિફિકેટ ટ્રાન્સફર ના કરનારી સોસાયટીએ તેની પાછળ એવું પણ કારણ આપ્યું હતું કે ફ્લેટના અગાઉના માલિકે પોતાનું મકાન વેચવા માટે સોસાયટીની મંજૂરી નહોતી લીધી.

## અમદાવાદમાં પશુઓ માટે વિશિષ્ટ પ્રકારનું સ્મશાન બનાવવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદમાં પશુઓ માટે વિશિષ્ટ પ્રકારનું સ્મશાન બનાવવામાં આવશે. ઝદ્રવ્ય સંચાલિત ભઠ્ઠીમાં પાલતુ પશુઓના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. સામાન્ય રીતે મનુષ્યોના અંતિમ સંસ્કાર થતા હોય છે. પશુઓના અંતિમ સંસ્કાર કરવામાં આવતા નથી. પરંતુ કેટલાક લોકો પોતાના ઘરે પાલતુ પશુ રાખતા હોય છે. ઘરમાં સાથે રહેનાર પાલતુ પશુ પરિવારના એક સભ્ય જેવું બની જાય છે. અને જ્યારે આ પાલતુ પશુનુ મૃત્યુ થાય ત્યારે સ્વજન ગુમાવ્યા જેવું દુઃખ થાય છે. અને પોતાના પાલતુ પશુના તેઓ અંતિમ સંસ્કાર ના કરી શકતા તેઓ વધુ દુઃખ અનુભવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એ આ બાબતને ધ્યાનમાં રાખી પશુઓ માટે સ્મશાન બનાવવાનું નક્કી કર્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગ્યાસપુર નજીક સુએજ સ્લજ રેડીએશન પ્લાન્ટ પાસે CNG સંચાલિત સ્મશાન બનાવવામાં આવશે. શહેરનું આ પ્રથમ સ્મશાન હશે જ્યાં પાલતુ સહિતના પ્રાણીઓના અંતિમ સંસ્કાર કરી શકાશે. AMCની સ્ટેન્ડીંગ કમિટિએ આ અંગે ૬ મહિના સુધી ચર્ચા વિચારણા કર્યા બાદ નિર્ણય લીધો. અને અંતે CNG સંચાલિત ભઠ્ઠીવાળા સ્મશાન બનાવવાની પ્રપોઝલને મંજૂરી આપી. પ શુ અબોલ પ્રાણી છે. કહેવાય છે કે પશુઓનું જીવન મનુષ્ય જીવનના વર્ષો જેટલું બહુ લાંબુ હોતુ નથી. ઘરે રાખવામાં આવતા પાલતુ પ શુ થોડા સમય જ સાથે રહે છે છતાં એક સ્વજન જેવી માયા બંધાઈ જાય છે. અને આથી જ્યારે આ પાલતુ પશુનુ મૃત્યુ થાય ત્યારે તેમના સ્વજનની જેમ વિધિવત અંતિમ સંસ્કાર કરાતા વધુ શાંતિ જરૂર મળે છે. AMCએ સીએનજી સ્મશાન બનાવવાની મંજૂરી આપી છે. અને આ સ્મશાનને ૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે.




## શાળાના પ્રિન્સિપાલે જ વિદ્યાર્થીનીઓની છેડતી કરી

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજકોટમાં શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના સામે આવતા ખળભળાટ મચ્યો છે. શાળાના પ્રિન્સિપાલે જ વિદ્યાર્થીનીઓની છેડતી કરી હોવાનો કિસ્સા સામે આવતા શિક્ષણજગત શર્મસાર થયું છે. સરસ્વતીના ધામ ગણાતી શાળામાં આદર્શ કહેવાતા પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થીનીઓની છેડતી કરવામાં આવી. રાજકોટ શહેરના સરસ્વતિ શૈક્ષણિક સંકુલના પ્રિન્સિપાલની વિદ્યાર્થીનીઓની છેડતી કરવાની કરતૂતથી વાલીઓમાં રોષ જોવા મળ્યો.પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના કોઠારિયા રોડ પરની સરસસ્વતિ સંકુલમાં વિદ્યાર્થીનીઓની છેડતીની ઘટના બનવા પામી. સરસ્વતિ શૈક્ષણિક સંકુલના પ્રિન્સિપાલ રાકેશ સોરઠિયાએ ૧૧ થી ૧૪ વર્ષની ૪ વિદ્યાર્થીનીઓની છેડતી કરી. રાકેશ સોરઠિયા કે જેઓ આપ પાર્ટીમાંથી લડી ચુક્યા છે તે કોર્પોરેશનની ચૂંટણી લડી ચૂકયા છે. સોરઠિયાએ શાળાની ૪ વિદ્યાર્થીઓ સાથે શારીરિક અડપલા કર્યા હોવાનો વિવાદ સામે આવ્યો છે. જેના બાદ રોષે ભરાયેલા વાલીઓએ ફરિયાદ કરતા ભક્તિનગર પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધ્યો. ફરિયાદના આધારે પોલીસે પ્રિન્સિપાલ રાકેશ કોઠારિયાને સકંજામાં લેતા કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે.

મહત્વનું છે કે સરસ્વતિ શિક્ષણ સંસ્થા રાજકોટના વોર્ડ નંબર ૧૭માં આવે છે. આરોપી રાકેશ સોરઠિયા આપ પાર્ટીના નેતા હોવા સાથે કોર્પોરેશન ચૂંટણી પણ લડી ચૂકયા છે. એક પ્રિન્સિપાલના હોદ્દા પર રહેલ રાકેશ સોરઠિયાએ વિદ્યાર્થીઓની છેડતી કરી શિક્ષણ જગતને કલંકિત કર્યુ છે. રાકેશ સોરઠિયાની શાળાની મંજૂરીને લઈને ભાજપે સવાલ ઉઠાવ્યા હતા કે જ્યાં પ્રિન્સિપાલ જ ગેરરીતિ આચરતો હોય તો તેવી શાળાને કેવી રીતે મંજૂરી આપવામાં આવી. પ્રિન્સિપાલ રાકેશ સોરઠિયા વિરુદ્ધ અગાઉ પણ મહિલાની છેડતીનો આરોપ લાગેલો છે. રાકેશ સોરઠિયા વિરુદ્ધ વિદ્યાર્થીઓની છેડતી મામલે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

## ભાજપના કોર્પોરેટર ગેમર દેસાઈને આવ્યો હાર્ટ એટેક

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

ગુજરાતમાં હાર્ટ એટેકથી મોતના કિસ્સાઓમાં વધુ એક ઉમેરો થયો છે. સુરતના ભાજપના કોર્પોરેટરનું હાર્ટ એટેકથી નિધન થયું છે. સુરત પાલિકાના ભાજપના કોર્પોરેટર ગેમર દેસાઈને હાર્ટ એટેક આવ્યો હતો. તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ગેમર દેસાઈ વોર્ડ નંબર ૧૮ ના કોર્પોરેટર હતા. ગેમર દેસાઈ પોતાના ઘરે હતા, ત્યારે જ તેમને છાતીમાં દુખાવો ઉપ ડ્યો હતો. જેથી પરિવાર તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયો હતો. પરંતુ ડોક્ટરો તેમેન બચાવી શક્યા ન હતા. સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યું હતું. ગેમર દેસાઈના મોતના ખબર આવતા જ ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓ હોસ્પિટલ પહોંચ્યા હતા. ગુજરાતમાં હૃદય રોગની બીમારીમાં છેલ્લા એક વર્ષમાં સતત વધારો થયો છે. હજારો લોકોના હાર્ટ એટેકથી મૃત્યુ થયાનું સામે આવ્યું છે. ૧૦૮એ તાજેતરમાં જ હૃદય રોગના આંકડા જાહેર કર્યા છે. ૧૦૮એ વર્ષ ૨૦૨૩માં ૭૨ હજાર ૫૭૩ હૃદય રોગને લગતી ઈમરજન્સી હેન્ડલ કરી. છેલ્લા છ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૩માં સુધી કેટલા કેસ નોંધાયા.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨